શ્રી જલારામ મંદિર – શિકાગો દ્વારા પ્રકાશિત

# જલારામ દર્પણ

ફોન: ૮૪૭-૪૯૦-૫૨૫૨ / ૮૪૭-૮૦૧-૪૭૫૨

ફેક્સ: ૮૪૭-૪૫૦-૧૭૧૮

http://www.shreejalarammandir.org

૪૨૫ ઈલીનોઈસ બુલેવર્ડ, હોફમેન એસ્ટેટ્સ, ઈલીનોઈસ – ૬૦૧૬૯

એપ્રિલ ૨૦૧૮ ☼ વર્ષ - ૧૦ ☼ અંક - ૩૪

## આગામી ઉત્સવો

| | |
|---|---|
| **-: હેલ્થ ફેર :-** | **-: Health Fair :-** |
| રવિવાર, એપ્રીલ ૮ તથા એપ્રીલ ૧૫ | Sunday, April 8 and April 15 |
| સવારે ૮:૦૦ - ૧૧:૩૦ કલાકે | 8:00 AM - 11:30 AM |
| **-: રકતદાન શિબિર :-** | **-: Blood Donation Camp :-** |
| રવિવાર, મે ૨૦ | Sunday, May 20 |
| સવારે ૧૦:૦૦ - સાંજે ૪:૦૦ કલાકે | 10:00 AM - 4:00 PM |
| **-: સમુહ સત્યનારાયણ કથા :-** | **-:Samuh Satyanarayan Katha:-** |
| રવિવાર, જુન ૧૦ | Sunday, June 10 |
| સાંજે ૪:૦૦ કલાકે | 4:00 PM |
| દરેક ઉત્સવો બાદ પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે | **Prasad will be served after each event** |

**આપ ઉપર જણાવેલ કોઈપણ ઉત્સવોમાં યજમાન તરીકે, આરતી અથવા પ્રસાદની સેવા આપવા ઈચ્છતા હોય તો આપને હસમુખભાઈનો ૮૪૭-૩૭૧-૧૦૯૮, ભુપેન્દ્રભાઈનો ૨૨૪-૭૧૫-૨૦૧૦ અથવા ભાવિકભાઈનો ૬૩૦-૪૧૫-૫૫૯૫ પર સંપર્ક કરવા વિનંતી છે.**

*If you would like to sponsor any of the events, aarti or prasad seva, please contact Hasmukhbhai @ 847-371-1098, Bhupendrabhai @ 224-715-2010 or Bhavikbhai @ 630-415-5595.*

## *President's Corner*

*Bakul Thakkar*

*Respected Shree Jalaram Devotees,*

*Together we came a long way from purchasing old Church in Hoffman Estates for Shree Jalaram Mandir to one of the leading religious institute for devotees to pray and participate in year around religious activities.*

*Shree Jalaram Mandir just celebrated 10 years anniversary. Board members and volunteers had worked together and prepared a presentation for everyone to see and enjoy. The presentation has brought so many sweet memories.*

*With everyone's support, our Mandir has $ 5 Million in assets. We are not out of debt yet. We still have way to go to pay off $ 1.8 Million bank loans. Small or Large donations does count and help us in paying off the debt.*

*Shree Jalaram Mandir provides various activities for our community and for our young children. Health Fair (yearly), Health Clinic (Monthly), Aryuvedic Clinic (Monthly), Flu shots (yearly) and Blood Donation Camps (Twice a year). Mandir also offers classes for Bharatnatyam, Keyboard, Tabla and Yoga.*

*Board members and volunteers are working very hard to bring young children to the Mandir and provide opportunity to learn about our religion and also promotes creativity in young children. After all they are the future of this temple.*

*May Lord Ram and Pujya Shree Jalarambapa bless you and your family.*

*Jay Jalaram*

## સંસ્થા સમાચાર

**સંકલનઃ રજનીકાંત મોદી**

સૌ જલારામ ભકતોને શ્રી જલારામ મંદિર તરફથી જય શ્રી જલારામ.

આપણા સૌ ભકતોના આરાધ્યદેવ પ્રભુ શ્રી રામ અને પૂ. શ્રી જલારામબાપાના આશીર્વાદથી શ્રી જલારામ મંદિરમાં દરેક તહેવારો ઉત્સાહભેર ઉજવાઇ રહ્યા છે અને સૌ ભકતો તેનો આનંદ પૂર્વક, ભક્તિભાવ પૂર્વક લાભ લઇ આશીર્વાદ મેળવી રહ્યા છે.

જાન્યુઆરીથી માર્ચ મહિનામાં યોજાયેલ ઉત્સવોની ઝાંખી નીચે પ્રમાણે છે.

જાન્યુઆરી ૧૪, રવિવારે મંદિરમાં નવગ્રહ પૂજાનું આયોજન થયુ. દર વર્ષ કરતા વધારે એટલે કે ૩૨ જેટલા યજમાન પરિવારોએ પૂજાનો અનન્ય લાભ લીધો. મંદિરના પૂજારીશ્રીએ દરેક ગ્રહોના વિવિધ મંત્રોચ્ચાર કરીને પૂજાવિધિ સંપન્ન કરાવી. આશરે ૨ કલાકની પૂજાવિધિ કર્યાથી સૌ યજમાન પરિવારને ખૂબ જ સંતોષ થયો. સાથો સાથ દર્શનાર્થી પરિજનોએ મહાઆરતી બાદ પ્રસાદ લઇને સ્વસ્થાને પધાર્યા. એકદંરે વાતાવરણ ઠંડુ હોવા છતાં મોટી સંખ્યામાં સૌ દર્શનાર્થી પધાર્યા હતા.

જાન્યુઆરી ૨૬, શુક્રવારે ભારતીય ગણતંત્ર દિવસ હોવાથી મંદિરના પ્રાંગણમાં સવારના ૮ વાગે ભારતીય તથા અમેરીકન રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યા હતા. રાષ્ટ્રને સર્મપિત જવાનોને યાદ કરી, રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યુ. સવારનો સમય હોવા છતાં ઘણા બધા રાષ્ટ્રભકતોએ રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

ફેબ્રુઆરી ૧૦, શનિવારે પૂ. શ્રી જલારામબાપાની ૨૧૬મી પૂણ્યતિથિ નિમિત્તેની પૂજામાં ૩ યજમાનોએ પૂજાનો અનન્ય લાભ લીધો. સાથો સાથ ભજન, સત્સંગનો કાર્યક્રમ હતો જેમાં જલાભકતોની મોટી હાજરી હતી.

ફેબ્રુઆરી ૧૩, મંગળવારે મહાશિવરાત્રી હોવાથી મંદિરમાં સ્થાપિત ''ચંદ્રમૌલિશ્વર'' મહાદેવની પૂજાવિધિમાં ૧૮ યજમાનોએ શેરડીનો રસ, દૂધ, મધ, ઘી, દહીં, ખાંડ જેવા અનેક પ્રકારના વ્યંજનો દ્વારા અવિચ્છિન્ન ધારાથી અભિષેક કરવાનો અનેરો લાભ લીધો. પૂજારીશ્રીએ શિવમહિમ્ન સ્તોત્ર, શિવ તાંડવ સ્તોત્ર તથા રૂદ્રાષ્ટકમ્ વગેરે સ્તોત્રોચ્ચાર કરી શિવજીની પંચોપચ્ચાર પૂજા કરવામાં આવી. અને શિવજીને વ્હાલી એવી ભાંગ (ઠંડાઇ)નો લગભગ ૭૦૦-૮૦૦ જેટલા શિવભકતોએ પ્રસાદ ગ્રહણ કર્યો.

માર્ચ ૧, ગુરૂવારે મંદિરના પ્રાંગણમાં હોલીકા ઉત્સવની પૂજા મંદિરના પૂજારીશ્રીએ મૂખ્ય યજમાન દ્વારા કરાવ્યા બાદ લગભગ સાંજે પાંચ વાગે હોલીકા દહન કરવામાં આવ્યુ. લગભગ ૨૦૦૦ જેટલા ભકતોએ હોલીકાજીની જલધારા સાથે પ્રદક્ષિણા કરી. ખજુર અને ધાણીનો પ્રસાદ ગ્રહણ કર્યો. વળી સાથો સાથ ધૂળેટી પણ મનાવવામાં આવી. સૌને ગુલાલથી નવાજવામાં આવ્યા. હોળી અને ધૂળેટીનો ઉત્સવ એક બીજા પ્રત્યેનો ગમો-અણગમો અવગણીને સૌ એકબીજાને વિવિધ રંગોથી હર્ષોલ્લાસ સાથે રમીને આનંદ મનાવવામાં આવ્યો.

માર્ચ ૮, ગુરૂવારે શ્રી જલારામ મંદિરનો સ્થાપના દિન હોવાથી યુ. કે. થી પધારેલા શાસ્ત્રી શ્રી રમણીકભાઇ દવેની હાજરીમાં દશ વર્ષમાં મંદિરે કરેલ વિવિધ પ્રોગ્રામોની અને પ્રગતિની સ્વયંસેવકોએ ઘણી જ મહેનતથી બનાવેલી વીડીઓની ઝલક અડધા કલાક માટે બતાવવામાં આવી જે ખરેખર ખૂબ જ પ્રભાવીત હતી. ત્યારબાદ પૂ. શાસ્ત્રીજી દ્વારા શુક્ર, શની, રવિ એમ ત્રણ દિવસમાં જલારામ ચરિત્ર કથા હોવાથી મૂખ્ય યજમાન તથા ત્રણ સહ યજમાનો દ્વારા પોથી પૂજન મંત્રોચ્ચારથી કરવામાં આવ્યું. પૂ. શાસ્ત્રીજીએ આર્શીવચન આપ્યા બાદ શતબાવની, થાળ, આરતી કર્યા બાદ સૌ જલાભકતો પ્રસાદ લઇ વિખરાયા.

માર્ચ ૯-૧૦-૧૧, શુક્ર, શની અને રવિવારે ત્રિદિવસીય જલારામ ચરિત્ર કથા યુ. કે. થી પધારેલા શાસ્ત્રી શ્રી રમણીકભાઇ દવેના મુખેથી સાંભળવા મળી.  આ દરમ્યાન મૂખ્ય યજમાન તથા સહ-યજમાનોએ મૂખ્ય પોથીની પૂજા કરી અને ત્યાર બાદ મંદિરના ચેરમેનશ્રીએ પૂ. શાસ્ત્રીજીની ઓળખવિધિ કરાવી. પૂ. શાસ્ત્રીજી જલારામ ચરિત્ર, સાંઇ ચરિત્ર, ભાગવત્ કથા, રામ કથા તથા બીજા ગ્રથો ઉપર પ્રવચન / કથા કરી ચૂકયા છે. શ્રી જલારામ ચરિત્રની કથાના પ્રથમ દિવસેજ આપણે સૌએ બાપાને ઓળખવાના છે એ વિચાર ઉપર દૃષ્ટિપાત કરવામાં આવ્યો. કથા દરમ્યાન પૂ. બાપાના ઘણા બધા ચરિત્રો વિગતવાર સમજાવ્યા. ગંગાજી અને જમુનાજી આજે પણ વીરપુર ધામમાં પાણી ભરે છે તેનું દૃષ્ટાંત આપ્યુ.

પૂ. બાપાએ પોતાની લાકડી વીરપુરથી ૧૦ કીલોમીટરના અંતરે આવેલ ખજૂરી પીપળીયા ગામમાં એક પટેલ પરિવારને આપેલી છે. અને આજે પણ એના દર્શન થઇ શકે છે. પૂ. બાપા તેમના પૂર્વ જન્મમાં રબારી / ભરવાડ હતા. પૂ. બાપાના ગુરૂ શ્રી ભોજલરામજી પણ પટેલ પરિવારના હતા. પૂ. બાપાએ ધારણ કરેલ પાઘડી, કેડીયુ, ધોતી, લાકડી અને માળા વિષે પણ વિગતવાર સમજ આપી.  ખરેખર કથા ત્રિદિવસીય ખૂબ જ સુંદર અને કર્ણપ્રીય હતી એવું સૌ ભકતજનોના મુખે છેલ્લે દિવસે પૂર્ણાહૂતિ પછી સાંભળવામાં આવ્યુ.

માર્ચ ૨૩ અને ૨૪ના રોજ રામ જન્મોત્સવની ઉજવણી દરમ્યાન ૨૪ કલાક અખંડ રામધૂન શનિવાર સવારથી રવિવાર સવાર સુધી કરવામાં આવી હતી. આ ધૂનમાં સંખ્યાબંધ ભકતોએ લાભ લીધો. રવિવારે સવારે ધૂનની પૂર્ણાહૂતિ બાદ મહાપૂજાનો પ્રારંભ થયો અને ૫ યજમાનોએ સુંદર પૂજાનો લાભ લીધો. પૂજા બાદ અન્નકૂટના દર્શનનો લાભ પણ દરેક ભકતોએ લીધો.

માર્ચ ૩૦ના રોજ હનુમાન જયંતિ નિમિત્તે ૧૦૦ અખંડ હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવ્યા જેમાં લગભગ ૩૦૦ જેટલા ભકતોએ લાભ લીધો હતો. સંધ્યા આરતી બાદ સુંદરકાંડના પાઠનું પણ આયોજન કરવામાં આવેલ જેમાં ઘણા ભકતોએ પાઠનું પઠણ કરી ધન્યતા અનુભવી હતી.

મંદિર તરફથી આ સિવાય પણ ઘણી બધી સેવાઓ ચાલુ જ છે જેવી કે નિઃશુલ્ક ફલુ શોટ, તબલા, પિયાનો શિક્ષણ વર્ગો, ભારતનાટ્યમ તથા યોગા કલાસ, નિઃશુલ્ક આર્યુવેદીક દવા, મેડીકલ ચેકઅપ, બાલ વિહાર અને અન્ય સમાજ ઉપયોગી કાર્યો મંદિરના વહીવટકર્તાઓ તથા સ્વયંસેવકો તરફથી ચાલુ જ છે. ઘણા ભકતો આ સેવાનો લાભ લઇ રહ્યા છે તે બદલ સૌને અભિનંદન ઘટે છે.

મંદિર તરફથી ફરી આપ સૌનો આભાર અને આવનારા તમામ પ્રસંગોમાં હાજર રહી બાપાના આશીર્વાદ મળે તેવી પ્રાર્થના સાથે સૌને જય જલારામ

# શ્રી જલારામ મંદિર ૧૦ વર્ષ વિકાસ યાત્રા – સૌની સાથે

રામનામ મેં લીન હૈ, દેખત સબમેં રામ,  તાકે પદ વંદન કરું, જય જય શ્રી જલારામ ।।

સમગ્ર જગતનું એક એવુ ધર્મસ્થાન જ્યાં છેલ્લા ૧૮ વર્ષથી એક પણ પૈસાનુ દાન લીધા સિવાય લગભગ ૧૯૮ વર્ષથી અવિરત પણે ચાલુ રહેલ અન્નક્ષેત્ર, જ્યાં સાક્ષાત પ્રભુ શ્રી રામ બિરાજમાન છે. પવિત્ર ગંગા-યમુના હાજર છે તેવુ ભારતમાતાના ખોળાનું નાનકડુ વિરપુર ગામ અને તેમાં પ્રભુ શ્રી રામના પરમભક્ત સંત શિરોમણી પરમ પૂજ્ય શ્રી જલારામબાપાનું શ્રી રામ મંદિર. સમગ્ર જીવન દરમ્યાન ભૂખ્યાને રોટલો અને આશ્રિતોને ઓટલો ના રામમંત્રનો અવિરતપણે અમલ અને દાનની પરમસીમા રૂપે પોતાની પત્નિને પણ સાધુ રૂપે આવેલા પ્રભુને દાનમાં આપી જેમણે પ્રભુ શ્રી રામને પણ હરાવી દીધા, તેવા પરમ દાનવીર શ્રી જલારામ બાપાના ચરણોમાં કોટી કોટી વંદન. જેમના સ્મરણ માત્રાથી, શ્રધ્ધા અને ભક્તિથી કરેલી યોગ્ય માંગણી અને ઇચ્છા, માનતા અને બાધા ચોક્કસપણે પૂર્ણ કરનાર પૂ. શ્રી જલારામ બાપાને દેશ થી પરદેશમાં હજારો માઇલ દુર શિકાગો, અમેરીકામાં તેમના અસંખ્ય ભક્તો ઉપર તેમના આશિર્વાદ મળતા રહે તેવી ઇચ્છા અમુક જલારામ ભક્તો ના હૃદય માં થઇ.

આ યાત્રા ૨૦૦૭ ની સાલમાં લીગલ પ્રોસેસ થી ચાલુ થઇ, નામ રજીસ્ટર્ડ થયુ. Not for profit organization માટે એપ્લાય થયુ અને તેનું સર્ટીફીકેટ 501(C) 3 સપ્ટેબર ૨૦૦૭માં મળી ગયુ અને શરૂ થઇ એક શુભ યાત્રા.

૨૦૦૭ ની સાલ ‘મન હોય તો માળવે જવાય’ શરૂ થઇ એક ઉચ્ચ યાત્રા. નક્કી કર્યું કે શિકાગોમાં શ્રી જલારામબાપાનું મંદિર નિર્માણ કરવુ અને તેને લઇને જુદા જુદા સ્થળો એ જગ્યા  જોવાનું શરૂ થયુ. શ્રી જલારામબાપાના આશિર્વાદ પણ આ સાથે હતા. હેનોવર પાર્ક, હેમ્પશાયર વિગેરે સ્થળો એ જગ્યા જોઇ. એક જગ્યા નક્કી થઇ, સાઇનીગ રકમ પણ અપાઇ ગઇ પરંતુ જલારામબાપાને એનાથી પણ વધુ સારી જગ્યા ની ઇચ્છા ને કારણે તે રદ થઇ. ‘પ્રભુ અને જલારામબાપા જે કરે તે સારા માટે’ નું સ્મરણ કરી ફરી યાત્રા શરૂ થઇ અને શિકાગો માં, મધ્યમાં, જ્યાં આપણો હિંદુ સમાજ, ભારતીય સમાજ નો વધુ વસવાટ છે તેવા Hoffman Estates માં એક ચર્ચનુ નક્કી થઇ ગયું.

જલારામબાપાના ભક્તો ને મળવાનુ શરૂ થયુ. જુદા જુદા કાર્યકર્તાઓ ના ગ્રૃપ દરેકને આખી યોજના ની સમજ આપી દાનનો સહયોગ ચાલુ થયો. October 2007 થી February 2008 ના સમય દરમ્યાન લગભગ ત્રાણેક લાખ ડૉલર ની અદભૂત કહી શકાય તેવી રકમ ભેગી થઇ ગઇ. **યોજના ફક્ત કાગળ ઉપર પણ ઘટના બની અનોખી.**

$1.3 Ml ની property ખરીદવા માટે હજી ૬૫ હજાર ડૉલર ની જરૂર ડાઉન પેમેન્ટ માટે હતી અને બેંકમાંથી બાકીની લોન લેવા માટે ગેરેન્ટરની જરૂર. કારણ મંદીરમાં આ પૂર્વે આવકનુ કોઇ સાધન તો હતુ જ નહી, પણ સાહેબ કસોટી તો સોનાની જ થાય, અને જેમના હૈયામાં રામ અને હૃદયે શ્રી જલારામ અને મુખેશ્રી જલારામ મંદીર, તેનો પણ ઉકેલ આવી ગયો.
પૂ. જલારામબાપાના ભક્તો પૈકી બે ભક્તો પાસેથી ડાઉન પેમેન્ટ માટે ખુટતા $65000.00 ની વગર વ્યાજની લોન મળી ગઇ. પણ આ તો યાત્રાનો એક પડાવ હતો મુકામ હજી ઘણો દુર લાગતો હતો કારણ બેંક લોનની વીધી હજી બાકી હતી અને તેના માટે વધારાની ગેરન્ટી ની માગણી કરવામાં આવી હતી. અને હવે જુઓ ભક્તો ના હૃદયમાં થયેલી શ્રી જલારામબાપાનું મંદિર બનાવવાની ઉત્કૃષ્ટ ભાવના. મંદિરના નિર્માણ માટે બનેલી પ્રથમ કમીટીના શરૂઆતના ૧૮ સભ્યોએ પોતાના રહેવાના મકાન બેન્ક ને ગેરન્ટીમાં સાઇન કરી આપી દીધા અને છતાંય પોતાની જાતને ધન્ય ગણી કે એમને આ સેવાનો લાભ મળ્યો. નમસ્કાર કરીએ એ તમામ સભ્યોને અને તેમના પરિવારજનોને.

અને ઉગ્યો એ ધન્ય દિવસ February 28th, 2008, મંદિર માટેની જગ્યાની ખરીદી થઇ ગઇ. જુનુ ચર્ચ હતુ અને તેની કાયાપલટ જરૂરી હતી. ઇશ્વરનો વાસ તો હતો જ ફક્ત દેખાવનો ફેરફાર જરૂરી હતો. દસ દિવસ સુધી ઘણા બધા ભક્તોના શ્રમયજ્ઞ બાદ મંદિરને અનુરૂપ ફેરફાર થયો અને આવ્યો એ ભવ્ય દિવસ March 8th, 2008 જે દિવસે પ્રથમ 'શ્રી જલારામ મંદિર' માં પ્રવેશ થયો.શ્રી જલારામબાપા, પ્રભુ શ્રી રામ અને અન્ય દેવી-દેવતાઓની ચિત્ર પ્રતિમા મુકી મંદિરની શુભ શરૂઆત થઇ.

પ્રખર પંડિત શ્રી ડૉ. સી. એલ. શાસ્ત્રીના માર્ગદર્શન મુજબ મંદિરનું નિત્ય કાર્ય ચાલુ થયુ. ભારત થી જુદા જુદા દેવી-દેવતાઓની મોટી ચિત્ર પ્રતિમાનું આગમન થયુ. આસન થયુ અને જ્યાં મન ઉપર પ્રભુનુ આસન હોય, હૃદય ઉપર પ્રભુનુ શાસન હોય તેનુ જીવન વૃન્દાવન હોય તેમ મંદિરમાં જલારામબાપાના આશીર્વાદની વર્ષા ચાલુ થઇ.

અને અગાઉ જણાવ્યુ હતુ તે મુજબ જે બે ભક્તો પાસેથી વગર વ્યાજની લોન લીધેલી તે રકમ થોડાક સમયમાં તેમને પાછા આપી શક્યા.

હવે ચિત્ર પ્રતિમાની જગ્યાએ જલારામબાપાની તેમજ અન્ય દેવી-દેવતાઓની મૂર્તિઓ માટે દાનવીર પણ મળી ગયા અને ભવ્ય મૂર્તિઓ માટેનો ઓર્ડર જયપુર, ઇન્ડીઆમાં અપાઇ ગયો.

અને સાથે સાથે શરૂ થઇ 'શ્રી જલારામબાપા' ના શુભઆશિષની વર્ષા. દર ગુરુવાર સાંજે ભજન, સત્સંગ અને ત્યારબાદ વિરપુરના પ્રસાદીના પ્રતિક રૂપે ખીચડી, છાસ અને બુંદી-ગાંઠીયાનો પ્રસાદ. તેમજ દરેક મહિનાના પ્રથમ અને ત્રીજા રવીવારે પણ ગુરુવારની જેમ જ ભજન, સત્સંગ અને ત્યારબાદ પ્રસાદ. તેમજ આપણા હિંદુ ધર્મના આવતા ઉત્સવોની ધામ ધૂમથી ઉજવણી. સાથે સાથે ભક્તોનો અવિરત પ્રવાહ અને તન, મન, ધન થી સહયોગ. તેમજ લગભગ દરેક વર્ષે એક કથાનુ આયોજન કરવામાં આવ્યુ, જેના માટે ઈન્ડીયાથી અલગ અલગ વિદ્વાન કથાકારોને આમંત્રણ આપીને બોલાવવામાં આવ્યા, જેનો લાભ સારાય ભક્ત સમુદાયને મળ્યો.

હવે મંદિરમાં આવતા ભક્તોની સગવડતાઓનો પણ ખ્યાલ કરવો જરુરી હતો. નવા પાર્કિંગ લૉટ અને એલીવેટર નુ નિર્માણ અને બાથરૂમ તેમજ કીચનનુ રીનોવેશન. આ બધાનો ખર્ચ લગભગ **$1/2 Ml.** જેવો થયો.

જલારામબાપા ઉપરની શ્રધ્ધા અને ભક્તિથી પ્રેરાઇને અવિરત દાનનો પ્રવાહ આવવા લાગ્યો અને શક્ય તેટલા ઓછા ખર્ચથી વહીવટ થતાં ફક્ત ૭ વર્ષ જેવા ટુંકા સમયમાં લીધેલી લોન ભરપાઇ કરી શક્યા જે એક આશ્ચર્ય સાથે ચમત્કાર જ ગણાય.

દરમ્યાન ૨૦૧૧ માં જયપુરથી બધી મૂર્તિઓ આવી ગઇ હતી જેની સ્થાપના કરવાની હતી તેમજ હવે મંદિરના વિસ્તરણ અને નવા ગર્ભગૃહનુ નિર્માણ કરવા માટેની યોજના હાથ પર લેવાઇ. જેના ભાગ રૂપ મંદિરને અનુરૂપ ડીઝાઇન માટે આર્કિટેક્ટ સાથે ચર્ચા અને જરુરીઆત પ્રમાણે ફેરફાર કરવા માટે મીટીંગો, વિલેજ સાથે મીટીંગો અને આ બધામાંથી લગભગ ૨ વર્ષે ફાઇનલ ડીઝાઇન તૈયાર થયા પછી શરૂ થયુ નવનિર્માણ (વિસ્તરણ) નુ કાર્ય. જેના માટે લગભગ **$2.5Ml.** ની નવી લોન લેવામાં આવી. મંદિરના નવનિર્માણ દરમ્યાન મંદિર કદાચ બંધ રહયું હશે પણ

બાપાના દર્શન નહી. મંદિરની બહાર કોઇની મોટરવાન માં બિરાજમાન કરીને પણ ભક્તોને દર્શન આપ્યા છે. જુદી જુદી જગ્યા એ પણ બાપાને સ્થાપન કરી ભજન-સત્સંગ, જલારામ જયંતિ ની ઉજવણી કરી છે.

અનેક મુશ્કેલીઓ, કુદરતના ફેરફાર, સંકટ સાથે લગભગ દોઢેક વર્ષની કઠીન યાત્રા માંથી હેમખેમ પૂર્ણ થયુ નૂતન મંદિરના નિર્માણ નુ કાર્ય. સુંદર મંદિરના અને બધા દેવી-દેવતાઓની મૂર્તિઓના દર્શન થયા. મંદિરમાં મૂર્તિઓના સ્થાપન બાદ તેમના દર્શન અતિ ભવ્ય બનાવવા માટે ઈન્ડીયાથી ભવ્ય કોતરણી વાળુ લાકડાનું સિંહાસન મંગાવી તેનુ પણ સ્થાપન થયુ. પીછવાઇ, પડદાનો શણગાર, દરેક મૂર્તિઓ ના જૂદા જૂદા વાઘાથી શણગાર, દરેક ભક્તોના હ્રદય માં પૂર્ણપણે ભક્તિનો સંતોષ થાય તે રીતે સુસજ્જ થયુ.

July 2 and 7,8,9, 2016 ના પવિત્ર દિવસોમાં ખૂબજ ભવ્ય અને ધાર્મિક વિધિથી દરેક મૂર્તિના જુદા જુદા યજમાનો અને ભક્તો ની હાજરી માં વિદ્વાન આચાર્ય અને પંડિતોથી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો. મંદિરનો કણે કણ જલારામમય બની ગયો. પવિત્ર Vibration નો દરેક ભક્તો ને અનુભવ થયો અને સાક્ષાત શ્રી જલારામબાપા સૌની સમક્ષ હાજર થઇ આશીર્વાદનો આભાસ થયો અને તેનો અનુભવ આપણા ભક્તો ઉપર ની સાથે સાથે Illinois State ના ગવર્નર સુધી પહોંચ્યો અને તે દિવસ July 9th, 2016 ને ગવર્નરે **'જલારામ દિન'** તરીકે જાહેર કર્યો.

મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના અનેરા આનંદ બાદ તુરત જ આપણા ભારત દેશના પ્રખર કથાકાર શ્રી પૂ. રમેશભાઇ ઓઝા (ભાઇશ્રી) ના સુમધુર કંઠે સંગીતના તાલબધ્ધ લય સાથે કથાનું આયોજન થયુ.

બરાબર એક વર્ષ બાદ એટલે કે July 2017 માં પ્રથમ પાટોત્સવ વખતે બાકી રહેલી મૂર્તિઓ જેવી કે નવગ્રહ મંડળ અને ભગવાન સૂર્યનારાયણ ની સ્થાપના કરવામાં આવી. પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. સાથે સાથે બાકી રહેલ શિખર, ડૉમ, કળશ અને ધર્મ ધજાનુ પણ આરોહણ કરવામાં આવ્યુ. દરેક ભક્તોના હ્રદય માં પૂર્ણ સંતોષ થાય તે રીતે સંપૂર્ણ સુસજ્જ થયુ.

અત્યારે મંદિરમાં ધાર્મિક પ્રવૃતી ની સાથે સાથે અનેક બીજી સાંસ્કૃતિક, સામાજીક પ્રવૃતીઓ જેવી કે ભરતનાટયમ્, સંગીત(કી-બોર્ડ), તબલાં, બાલ વિહાર, યોગા તેમજ આયુર્વેદ દવાઓ, મેડીકલ ચેકઅપ, વાષિક હેલ્થ ફેર, બ્લડ ડૉનેશન જેવી અનેકવિધ સેવાઓ નો લાભ આપણા ઘણા ભક્તોને મળે છે. આવી પ્રવૃતીઓથી મંદિર સદાય ધમધમતુ રહે છે

આવી આ વિવિધ સુખ-દુઃખ, તકલીફ કે આનંદની ક્ષણો જીવનમાં એક અમુલ્ય વારસો બની ગયાનો આનંદ.

**- સૌને જય શ્રી જલારામ**

## પૂ. જલારામબાપાની જીવનકથા

**સંકલનઃ કનૈયાલાલ વાઘાણી**

**પુસ્તકઃ ભકત શ્રી જલારામ**

### ૧. જલા કરેગા ભલા

### પ્રાસ્તાવિક

જલા કરેગા ભલા. આમ ટે'લ નાખતો એક સાધુ શેરીએ ફરતો હતો. એને જલીયાણ ઉપર શ્રધ્ધા હતી. એ શ્રધ્ધા ફળી.મંદિર પાસે બેઠેલ ભિખારી પૂ. જલાબાપાની છબી રાખી મંજીરા દોકડ વગાડતો. જલારામના ભજન ગાતો હોય છે. એ જોગી જલીયાણની ગાથા તો લખી લખાય તેમ નથી. માનવતાના એ મહાન પૂજારી, જેણે સેવાની જયોત જલાવી હતી.

### આ છે શેનો પ્રતાપ?

સંતોની સેવા, દુઃખીયાના આંસુ લૂછી અને એને બાથમાં લેવા સદાય તત્પર રહેતા એ પુનિત સંત પૂ. જલારામબાપાની જીવન કહાની ‘જલારામ જયોત’માં પ્રગટ થતી રહે એવી કેટલાય વાંચકોની પ્રબળ ઇચ્છાને માન આપી જલારામ જયોતમાં દર મહિને પૂ. બાપાની જીવન કહાનીના પુનિત પ્રસંગો આપવાના પ્રયાસો અમે હાથ ધર્યા છે.

## દેને કો ટુકડા ભલા ઔર લેને કો હરિ નામ

સાધુ, સંતો, ભૂખ્યાને પ્રેમથી જમાડનાર એ જયોતિર્ધર સંતની પુનિત ગાથા એ તો બને અમૃતના પાન.

## કરવી સંતોની સેવા અને લેવું રામનું નામ

આ મુદ્રાલેખ જેના જીવનનો હતો એ પૂ. બાપાની નામના તો આજ એકલા ભારતવર્ષમાં જ નહિં પરંતુ દૂરદૂરનાં દેશોમાં, આફ્રિકામાં, ઈંગ્લેન્ડમાં, સિંગાપોરમાં, અમેરિકામાં વિગેરે. એક જન્મે નહિ તો બીજા જન્મે અન્નદાનની મહેચ્છા પૂરી કરનાર એ પ્રકાશમય પુરુષની જયોત આજ પણ પ્રકાશ આપી રહી છે.

તપ કરતા ત્યાગ મહાન છે. જેમણે નારીનાં દાન આપી મહાન ત્યાગ કર્યો એ ત્યાગની મહાનતા દર્શન આજ પણ પૂ. બાપાની વીરપુરની જગ્યામાં થાય છે. આંગણે આવતા દરેક યાચકને પણ પ્રભુસ્વરૂપે જોનાર પૂ. બાપાનો ત્યાગ મહાન હતો. તપસ્વીઓની સિદ્ધિ કરતાં એ સંતની સિદ્ધિ મહાન હતી. અહંમનું નામ નહિ. વિનમ્ર ભાવ, દીનતા, નમ્યુ એ પ્રભુને ગમ્યુ એવો એનો સ્વભાવ. એણે વેદપુરાણો વાંચ્યા ન હતાં. કોઇ કોલેજની ડિગ્રી લીધી ન હતી. છતાં કેટલુ જ્ઞાન.

**અન્નદાન આપે મનમાં લેશ અહંકાર નહિ; સાધુ સંતોનાં ચરણ ચાંપે લેશ અહંકાર નહિ.**

**સદા દીનતા. દેવાવાળો તો મારો ઠાકર મા’રાજ છે. કેટલી દીનતા!**

**દેનહાર કોઇ ઔર હે, દેત રહત દિન રાત; લોગ ભરમ હમ પર ધરૌ, યાતે ખીચાં નૈન.**

દાન દેતી વખતે પણ નીચાં નેણ રાખી દાન દેનાર એ કહે છે, દેવાવાળો તો ઇ રામ છે. લોકોને ખોટી ભ્રમણા છે કે હું આપું છું.

## પૂ. બાપાની અપાર દયા

જલારામ જયોતનું પ્રિન્ટીંગ કામ ચાલતુ હતુ અને તેનું પ્રિન્ટીંગ ચેક કરવા હું મશીન રૂમમાં ગયો. ત્યાં બનવાજોગ મારી વીટી મશીન રૂમમાં કયાંક પડી ગઇ. થોડી વાર બાદ ઓફિસમાં આવીને બેઠો ત્યાં અચાનક મારું ધ્યાન આંગળી પર ગયું તો વીટી ગુમ! મને એકદમ ફાળ પડી કે વીટી કયાં ગઇ હશે? વીટીની કિંમતનો મને અફસોસ ન હતો પણ તે વીટી મારા મોટા બહેને મને ૬-૭ વર્ષ પહેલાં જન્મ દિવસે ભેટ આપેલી અને કમભાગ્યે આજે એ મોટી બહેન આ દુનિયામાં હયાત નથી. એટલે મારા માટે તો તેમની આ છેલ્લી નિશાની ગણાય. તરત જ મશીન રૂમમાં ગયો. ત્યાં એ ખૂબ શોધી પણ મળી નહિં. પ્રેસના કામદારો પણ ગોતવા મંડી પડયા પણ કયાંય ન મળી.

એટલે પ્રભુને જે ગમ્યુ તે ખરું તેમ માની હું બપોરે જમવા ગયો. જમવાનું ભાવ્યું નહિ. કારણ કે મન ખૂબ જ ઉદાસ થઇ ગયુ હતું. અને અચાનક પૂ. બાપાના ફોટા પર નજર કરતાં કંઇક નવી જ પ્રેરણા સ્ફૂરી. મનોમન બાપાને પ્રાર્થના કરી કે તમારી દયા હશે તો વીટી મળ્યા વિના નથી જ રહેવાની. ત્યાં જ પ્રેસનો કારીગર આવ્યો અને મને કહે કે, ‘કંઇક પાર્ટી આપો. વીટી મળી ગઇ છે, લ્યો.’ મેં પૂછ્યુ, કયાંથી મળી? તો મને કહે, ‘તમે મશીન ઉપર રૂમમાં જયાં ઉભા હતા, ત્યાં નીચે જ કાગળ નીચે દબાઇને પડી હતી.’

આમ, આવા અનુભવો, પ્રસંગો જયારે ઉદ્દભવે છે ત્યારે પૂ. બાપા પ્રત્યે આપણું શીશ અનન્ય શ્રધ્ધાથી ઝૂકી પડે છે!

**કિરીટ ગણાત્રા**

## ૨. પૂ. બાપાની ભૂમિ વીરપુર શા માટે?

મારા રામની કળા અકળ એટલે ન કળી શકાય તેવી છે. કોઇ ભૂમિ જ એવી અજબ હોય કે દેવભૂમિ બની જાય છે. સૌરાષ્ટ્ર એ તો પુનિત સંતોનું પુનિત ધામ છે. શ્રીકૃષ્ણે જન્મ લીધો મથુરા, રહ્યા ગોકુળમાં. અડવાણે પગે ગાયો ચારી. મથુરા આવી કંસને માર્યો. કાળયવન જરાસંઘે મથુરા ઉપર ભીંસ કરી. પોતે મથુરા છે. એટલે બધા મથુરા ઉપર ભીંસ કરે છે. મથુરાંને બચાવવા શ્રીકૃષ્ણે મથુરાનો ત્યાગ કર્યો.

કાળયવન પાછળ પડયો અને ગરવા ગિરનાર પાસે મુચંકુદજીની ગુફામાં શ્રીકૃષ્ણે આશરો લીધો. કાળયવનના કાળે તેને ઘેર્યો અને મુચંકુદજીના હાથે તે મરાયો.

સૌરાષ્ટ્રના દરિયાકાંઠે શ્રીકૃષ્ણે દ્વારકાને પોતાની નગરી બનાવી અને છેવટે ભાલુકા તીર્થમાં દેહોત્સર્ગ કર્યો. કયાં મથુરા, કયાં દ્વારકા, કયાં ભાલુકાતીર્થ! આવી છે કુદરતની અકળ કળા! આ તો છે એ ભૂમિનો પ્રતાપ! શા માટે! એ તો એની અકળ લીલા છે. કોઇ ભૂમિ એવી હોય છે કે જયાં સદા સર્વદા અશાંતિ! પાણીપતની ભૂમિ! પિતૃભકત શ્રવણ માતાપિતાને કાવડમાં બેસાડી ખભે કાવડ લઇને અંધ માતાપિતાને તીર્થાટન કરાવવા નીકળ્યો. જયારે શ્રવણ એ અશાંત ભૂમિ ઉપર પહોંચ્યો ત્યારે પિતૃભકતની મતિ કેવી બની? તમારી વેઠ કયાં સુધી કરવી? કાવડમાં તમારો બોજ ઉપાડી મારા ખભા દુઃખવા આવ્યા. આવા શબ્દો શ્રવણના મુખમાંથી નીકળ્યા શા માટે? એ ભૂમિનો પ્રતાપ!

આજે પણ આપણે આંગણામાં ઉંબર લીપીગૂંપીએ છીએ. કંકુ છાંટી, ફૂલ મૂકી વંદન કરીએ છીએ. શા માટે? એ ભૂમિ પુનિત રહે. આપણા ઘરનું વાતાવરણ પુનિત રહે. મંગલ ભાવનાઓ રહે. સૌરાષ્ટ્રમાં કૌભાંડનગર નામનું પુરાણ કાળમાં એક ગામ હતુ. કાળના વહેણમાં એ દટ્ટન સો પટ્ટન બન્યું. ઉજ્જડ ટીબો. આસપાસ કૂબાઓમાં થોડી વસ્તી રહેતી હતી. ઉજ્જડ ટીબા પાસે એક અવધૂતે તેની ધૂણી ધખાવી, આસન જમાવ્યાં. ગેબીનાથ જેવો એ અવધૂત ધૂણી પાસે બેસી રહેતો. આસપાસના લોકો અવારનવાર ઓલિયા પાસે આવી બેસે. ગરવા ગિરનારનાં ત્યાંથી દર્શન થતાં હતાં. ‘અલખ ગિરનારી, તેરા ભરોસા ભારી, બોમ ભોલે દત્ત ગુરુદત્ત મારું’ આમ બોલતાં એ અવધૂત ચલમની ત્રણ ફુંક લ્યે અને ત્રીજી ફુંકે ચલમનો ગાંજો ચલમમાં ભડકો થઇ સાફ થઇ જાય.

એ અવધૂતના મોંમાંથી ચલમના ધુમાડા નીકળે, આંખો લાલ હિંગળોક જેવી થઇ જાય અને એ ધ્યાનમગ્ન બની જાય. કોઇ કોઇ વાર લોકો ધૂણી પાસે આવે ત્યારે એ ગેબીનાથ ત્યાં હોય જ નહિં. બાપા કાલે તમે કીમના ગયા’તા? અમે તો બેસીને થાકયાં. એ ગેબી સિધ્ધ ખડખડાટ હસી પડે. જરા ઘૂમને ગયા. સબ ભૂમિ ગોપાલ કી હૈન? આવાં હતાં એ ગેબી સિધ્ધના બેસણાં. એઅવધૂતનું નામ હતુ વીરપરાનાથ. નવ નાથ ઉપરાંત દસમા નાથ જેવો હતો એ સિધ્ધ અવધૂત.

ગુર્જરેશ મહારાજ કરણની પટરાણી મીનલદેવીને ઓધાન રહ્યું. અન્ય અદેખી શોકયોને ઈર્ષા થઇ અને જંતરમંતર કરાવી એક કૂપ મંતરાવીને તેમણે જમીનમાં દટાવી દીધો. જયાં લગણ આ કૂપ જમીનમાં દટાયેલ રહે ત્યાં લગણ મીનળદેવીને પ્રસૂતિ ન થાય. નવ માસને બદલે નવ વર્ષ ગયાં પણ મીનળદેવીને પ્રસૂતિ ન થઇ. બાર વરસ થયા પણ પ્રસૂતિ ન થઇ. ગુર્જરેશ્વરને ચિંતા થતી હતી. મહારાણી મીનળની અકળામણનો તો પાર ન હતો. શોકયોનાં જંતરમંતરની એ બાપડીને કયાં ખબર હોય? જૂની રાણીઓ ભેગી થઇ તાળીઓ પાડતી હતી. કુંવર જોઇએ છેને? એમ ઇ મીનળને રાજમાતા થવાં દઇએ? અમે એની ગોલીઓ થઇએ?

મીનળદેવી બેચેન હતી. એના દુઃખનો પાર ન હતો. મીનળદેવી રસાલો લઇને ગુજરાતનાં તીર્થધામોની યાત્રાએ નીકળી. સોરઠની ધરતી ઉપર મીનળદેવીનો રસાલો આવ્યો. એ ગિરનાર અને સોમનાથ જવાનો હતો. મીનળદેવીની દાસી ફરતાં ફરતાં વીરપરાનાથની ધૂણી પાસે આવી. લોકોની વાતચીત ઉપરથી તેને વીરપરાનાથના ગેબીપણાની ખબર પડી. ‘બા! અહીં એક સિધ્ધ વીરપરાનાથ છે. એની કને જઇએ. ઇ ગેબી કંઇક ઉપાય કરે તો તમારાં દુઃખ ટળે.’ મીનળદેવીએ આવી વીરપરાનાથની ધૂણી પાસે પાલવ પાથરી નમસ્કાર કર્યા. એની આંખોમાંથી ચોધાર આંસુડા વહી રહ્યા હતાં.

‘માઇ! રોતી કયું હે? કયા હે?’

‘બાપુ! બાર વરસ થયા પેટમાં એધાન છે. છૂટાછેડા થતા નથી. ખૂબ કષ્ટાઉ છુ.’

‘બોમ ગિરનારી, તેરા ભરોસા ભારી.’ હાથમાં ચલમ લીધી. બો...મ કરીને એક, બે ત્રાણ ફૂંક લીધી. લાલઘૂમ આંખો થઇ ગઇ. આંખો મીચી ગયા.

‘માઇ! તેરી શોકયોને જંતરમંતર કરાયા હે.’

‘બાપુ! આપ તો સિધ્ધ છો. ઇ જંતરમંતરને કાઢોને?’

‘માઇ! ઐસા કરો. પાટણમેં ખબર ભિજવા દો કે મેરી કૂખસે પુત્રાજન્મ હુવા હે.’

‘બાપુ! પણ...’

‘મેં બોલુ વૈસા કરો.’

મીનળદેવીને વીરપરાનાથ ઉપર ભરોસો બેઠો.

એક ઘોડેસવારને પાટણ મોકલ્યો. ખબર કહેવડાવ્યા. 'મને રસ્તામાં પુત્ર આવ્યો છે.'

પાટણમાં ખબર પહોચ્યા. પાટણમાં તો આનંદ મંગળ થવા લાગ્યો. ગઢ ઉપર નોબતું માંડી વાગવા. મહારાજા છુટે હાથે માંડયા દાન દેવા. રાજમહેલમાં રાણીઓને ખબર પડી. સૌના મોં કાચમાં જોવા જેવા થઇ ગયાં. દાસીને બોલાવી પૂછયુ. 'ઇ કૂપ કોઇએ કાઢયો છે? જાવ, જલદી તપાસ કરો.'

દાસીઓ ગઇ. ખાડો ખોદ્યો. જંતરમંતરવાળો કૂપ બહાર કાઢયો.

અહી જેવો એ જંતરમંતરનો કૂપ બહાર કાઢયો કે ત્યાં મીનળદેવીને પ્રસુતિ થઇ.

રાણીઓએ જંતરમંતરવાળાને બોલાવ્યો, 'આવો દગો? મીનળને દીકરો આવ્યો.'

'ઇ કદાપિ બને જ નહિ. કૂપ દાટેલ હોય ત્યાં લગણ કોઇ ઉપાયે પ્રસૂતિ ન થાય. મને કૂપની જગ્યા જોવા દો.'

'ઇ કૂપ તો આ રહ્યો.'

'બસ ખલાસ, કૂપ બહાર કાઢયો એ ભયંકર ભૂલ કરી છે. અચૂક, મીનળદેવીને કોઇ ઓલિયો મળ્યો લાગે છે. કૂપ બહાર નીકળે એટલે પ્રસૂતિ થયા વગર ન રહે.'

રાણીઓ ઉતાવળમાં કરેલ ભૂલ માટે પસ્તાણી. પણ અબ પછતાયે કયા હોત જબ ચિડિયાં ચુગ ગઇ ખેત?

એ ઓલિયા વીરપરાનાથની કૃપાએ મીનળદેવી પુત્રવતી બની.

એ વીરપરાનાથને પગે પડી, પ્રભુ, આપની કૃપા! આ કુંવરને આશીર્વાદ આપો.

'માઇ, તેરા લડકા બડા ભાગ્યવાન હોગા. લેકિન...'

'પ્રભુ, શુ?'

'વહ બડા હઠીલા હોગા. ઐસા કામ કરેગા કી ઉનકી કીર્તિકો સીમા લગ જાયેગી.'

ગેબીનાથ વીરપરાનાથની વાણી સાંભળી મીનળદેવી થંભી ગયા.

મીનળદેવીએ વીરપુરમાં વાવ બંધાવી. આજે પણ એ વાવ મીનળવાવ નામે ઓળખાય છે. મનકેશ્વર મહાદેવના મંદિરના રસ્તા ઉપર તૂટીફૂટી વાવ મીનળદેવીની યાદ આપી રહી છે.

ગેબી વીરપરાનાથે ભાખેલ આગમવાણી ખોટી કેમ પડે?

સહસ્ત્રાલિંગ તળાવના ખોદાણ વખતે જસમા જોડણના યૌવન અને સિધ્ધરાજ ભાન ભૂલ્યો...જસમાએ શ્રાપ આપ્યો. સહસ્ત્રાલિંગ તળાવ નપાણિયું રહ્યુ. મયા નામના એક હરિજને પોતાની જાતનું બલિદાન આપ્યુ અને સતી જસમાના શ્રાપનું નિવારણ કર્યુ. મયાના બલિદાને સહસ્ત્રાલિંગ તળાવમાં નીર આવ્યા.

સતી રાણક અને સિધ્ધરાજની કહાની જૂની પુરાણી છે. એ રાણકદેવીનો શ્રાપ પણ સિધ્ધરાજને લાગ્યો હતો. સિધ્ધરાજ ખૂબ પરેશાન થયો. દુઃખી થયો નિર્વંશ થયો.

ગેબીનાથ વીરપરાની આગમવાણી ફળી.

વીરપરાનાથની ધૂણી પાસેથી ગિરનાર જનારા સાધુઓ પસાર થતા હતા. એ બાપડા ભૂખ્યા દુઃખ્યા રહેતા.

'બાપુ! આ ટીંબે તો આવું છે! અમે માંડ માંડ ગુજારો કરીએ. એ બચાડા સાધુસંતોને અહી કોઇ આશરો મળે એવું થાય એવું કાંઇક કરોને!'

અવધૂત વીરપરાનાથ ખડખડ હસી પડયા.

'બો...મ ગિરનારી તેરા ભરોસા ભારી' અને માર્યો ચલમનો દમ. આંખો લાલ લાલ બની ગઇ. આંખો મીચી ધ્યાન ધર્યુ.

'અ...ચ્છા. યહાં ઐસા આદમી જન્મ લેગા કિ યહ ધરા સારે હિન્દુસ્તાનમે પ્રખ્યાત હો જાયેગા. સાધુ સંતો કે લીયે યહાં બડા આશ્રયસ્થાન હોગા. બડા ધામ બન જાયેગા. અવતારી પુરુષ જન્મ લેગા.'

એ ઓલિયાની વાણી સાચી પડી. એ ટીંબો વીરપરાનાથ ઉપરથી વીરપુર થયો અને એ ઓલિયાના સિધ્ધ વચને એ વીરપુરમાં જનમ્યા

જલારામ.

ઓલિયા સિધ્ધ વીરપરાનાથ જેવાએ જયાં ધૂણી ધખાવી હોય એ સાધુ સંતોની સેવા કરનાર એ પુનિત સંતની ભૂમિ ઉપર તો પુનિત સતાત્મા જ જન્મ લેને?

એ વીરપરાનાથનો ઓટલો આજે પણ પૂ. જલારામબાપાની જગ્યા પાસે જ છે.

વીરપુર મધ્ય સૌરાષ્ટ્રના રાજકોટથી જેતલસર જતાં વચ્ચે આવે છે. ધોગા-જેતલસર લાઇનથી નવાગઢ અને વીરપુર રેલ્વેની મેઇન લાઇન ઉપર વીરપુર સ્ટેશન છે.

એ ટીંબે તો આજ જલીયાણના નામે ગોકુળ બન્યુ છે. ચોકમાં માટો ટાવર, ડામરના રસ્તા, વીજળીની બત્તીયું.

સ્ટેશન પાસે પૂ. બાપાના નામે વીરપુર યાત્રા કરવા આવનારા યાત્રાળુઓને રહેવા માટે શ્રી જલારામ અતિથિગૃહ.

આ અતિથિગૃહ પણ ભવ્ય બન્યુ છે. ફરતા ચારે બાજુ ઓરડા, વચમાં ભવ્ય ચોગાન, સુંદર બગીચો, ભવ્ય પ્રાર્થના મંદિર, મનોરમ્ય વાતાવરણ.

એક ઉજજડ ટીંબાની ભૂમિ ઉપરના એ સંત પુરુષોના પુનિત પાદની અગમ્ય લીલા છે.

પુનિત સંતોની આવી છે અકળ ગાથા.

## ૩. સૌરાષ્ટ્રની સંતભૂમિ

સૌરાષ્ટ્ર એ તો છે પુનિત સંતોની ભૂમિ, શૂરવીરોની ભૂમિ. ગામડે ગામડે પાદરમાં સિંદૂર ભરેલા પાળિયા. ઘેઘૂર વડલાની છાયા નીચે રહેલા પાળિયાને ઘટાટોપ વડલો મંદિર બની છાયા આપતો રહે છે. ગામના લોકો એ પાળિયા પાસે આવી શ્રીફળ વધેરે, ઘીના દીવા કરે, માથાબંધણાં ઉતારી પુરુષો પગે લાગે. બહેનો પાલવ પાથરી પગે લાગી. આવી છે અનોખી ભાત સૌરાષ્ટ્રના ગામડાની. વાંકાનેર રાજનું મેસરિયા ગામડું. વાંકાનેરથી સોળેક માઇલ છેટું. મેસરિયામાં વસ્તી હતી ઓછી. આમાંય રબારી કોમ વધારે. રબારીની એક સામડ કોમ પણ મેસરિયામાં રહેતી હતી. સામડ રબારી કોમમાં એક કુટુંબ મેસરિયામાં વસતું. કુટુંબમાં પાંચ ભાઇઓ હતા. સૌથી નાના ભાઇનું નામ હતુ જાલો. જાલાની ઘરવાળીનું નામ હતું રૂપા.

ઘેટાં બકરાં ચારવા ઇ હતું આ કુટુંબનું કામકાજ. આંગણે ઘેટાં-બકરાં હતાં. પ્રાગડ વાસ્યે ઘેટાં-બકરાં ચરાવવા જવાનું કામ જાલા માથે હતું. ઘેટાની ઉન કપાય ત્યારે ઉનને વણે અને તેમાંથી ધાબળા બનાવે. જાલો અને રૂપા જાય ઘેટાં-બકરાં ચરાવવા. બેઠા બેઠા ઉન વણે અને ઉન તૈયાર થયે તેમાંથી ધાબળા વણે.

જાલો તો હતો સંસ્કારી જીવડો અને રૂપા પણ જોગાનુજોગ એવી હતી. દીનાનાથે પણ આ જોડલી અજબ જમાવી દીધી હતી.

મેસરિયાથી ચાર-પાંચ માઇલ છેટે મોલડી ગામ હતુ. મોલડીમાં આપા રતા રહેતા હતા. આપા રતા પણ જોગંદર જેવા. ‘રામનામ શુ તાળી લાગી, સકળ તીરથ એના તનમાં.’

આવા હતા આપા રતા. આપા રતાને ત્યાં સાધુ સંતો આવ્યા જ કરે. આપા રતાનું ઘર એટલે સાધુસંતોનું ઘર.

રાત પડે ભજનમંડળી જામે. તંબુર, દોકડ, મંજીરા, કડતાલ વાગી રહ્યાં હોય. સાધુસંતો તેમના ચીપિયા ખખડાવી તાલ મિલાવે. ભજનમંડળી ભજનની જૂક બોલાવે. આખી રાત ભજન ચાલુ રહે.

આપા રતાની નામના તો આજુબાજુ ખૂબ પ્રસરી હતી. જોગંદર જેવા આપાનો બોલ કોઇ ઉથાપી શકતું નહિ. મોલડી તો ગોકુળ બન્યું હતું. મોલડીની ભૂમિ સંતોની ચરણરજથી પવિત્ર બની હતી.

જાલાને કાને આપા રતાની વાત આવી. એક દી કોઇ રબારીને જાલાએ પૂછયુ ‘જાલા, આપા રતા કેવા છે?’

આપા તો જોગંદર જેવા છે. ઇના દર્શન ન કર્યા ત્યાં લગણ આ મનખો સાવ નકામો.

જાલાના તો હરદામાં ચોટ વાગી. જાલા તો હતો સંસ્કારી જીવ. એના હરદામાં કોઇ અનેરો ભાસ થયો. જાલાને ભણકારા લાગ્યા, ‘જાલા! આપા રતા કને જા.’

જાલાએ મોલડી જવા નિશ્ચય કર્યો. સૂરજ મા’રાજ અસ્તાચળે ગયા. જાલા ઘેટાં-બકરાં ચરાવી ઘરે આવ્યા. વાળુપાણી કરીને હાથમાં ડાંગ લઇને હાંકી મૂકયા મોલડી દીમના. મોલડી પૂગી ગયા અને આપા રતાને પગે પડી નમન કર્યા અને આપા રતાના પગ પાસે બેસી ગયા.

આપા રતા નવી આવનાર વ્યકિત સામે જોઇ રહ્યા.

'બાપ, કયાં રે'વા?'

'આપા! મેસરિયે રે'વા.'

'બાપલા! તમારું નામ?'

'આપા! મારું નામ જાલો, જાતે રબારી.'

'કીમ આવ્યા છો?'

'આપા, આપના દરશને.'

રાત જામતી હતી અને ભજન મંડળી પણ જામી. એક પછી એક ભજનું માંડયાં થાવા. જાલાનું દલડું ડોલી ઉઠયું.

જાલાને અહી સ્વર્ગીય આનંદ મળ્યો. એનું દલડુ ડોલી ઉઠયું. પાછલા પોરે ભજનું પૂરા થયાં.

જાલાએ આપા રતાની રજા માંગી. બાપલા, સુખેથી પધારો. કોઇ કોઇ વાર આવતા રે'જો. અહી તો મારા રામનો દરબાર છે.

આપા જાલાએ મોલડીમાંથી હાંકી મૂકયા. પ્રાગડવાસ્યે પહોંચી ગયા મેસરિયે. વખત થાતાં રૂપા અને જાલો ઉપડયાં ઘેટાં બકરાં ચરાવવા.

સૂરજ મા'રાજે આથમવાની તૈયારી કરી એટલે ઘેટાં-બકરાં લઇને બન્ને જણ આવ્યાં ઘરે. વાળુપાણી કરીને જાલા ભગત ઉપડયા મોલડી. ભજન ટાણું થાય ઇ પે'લા પૂંગી ગયા.

'જાલા ભગત! બાપ, આવી પૂંગ્યાને? ઇ તો મારો વાલીડો જીના હૃદયમાં બિરાજે ઇને તો પછે બીજું કંઇ ન ગમે.'

'આપા, મને તો અહી પરમાનંદ મળે છે. મારો જીવ અહી કળી ઉઠે છે. મારા હૃદયમાં અનેરો આનંદ થાય છે.'

'બાપલા! ઇ તો મારા રામની કૃપા હોય તો સવળો મારગ સૂઝે બાકી તો, ખોટા ઉધામાં કરવામાં જીવન હાલ્યુ જાય.'

સમય જતાં ભજન મંડળી જામી. જાલાને તો પરમાનંદ મળી રહ્યો. જાલાના અંતરમાં કોઇ અજબ પ્રકાશ થઇ રહ્યો હતો.

ભજન બંધ થયાં અને જાલા આપા રતાની રજા લઇને ઉપડી ગયા.

ઘરે આવે અને રૂપા સાથે જાય ઘેટાં-બકરાં ચરાવવા.

રાતના ઉજાગરા એટલે જાલાની આંખો માંડે ઘેરાવા.

આમ થોડા દિવસ ચાલ્યું. એક દી રૂપાએ પૂછયું. 'ભગત, રોજ રાતે કીમના જાવ છો? ઉજાગરા કયાં કરો છો?'

'રૂપા, હું મોલડી જાઉં છુ.'

'મોલડી? ત્યાં શું કામ જાવ છો?'

'રૂપા, મોલડીમાં આપા રતાને ત્યાં જાઉં છું.'

'આપા રતા કોણ? એની કને શું કામ?'

'રૂપા, આપા રતા તો છે જોગંદર! સંસારમાં રે'નારો ઇ છે ગિરીનારી ત્યાં સાધુ સંતો આવે છે અને રોજ રાતે ભજનમંડળી જામે છે. દેવી, એવો આનંદ આવે છે કે બસ ન પૂછો વાત! મારું મન ત્યાં કળી ઉઠે છે.'

'તો મને કીમ નો કીધુ? હુંય તમારી ભેળી આવત ને?'

'રૂપા! રોજ રાતના ઉજાગરા તને ન પરવડે. ઘરનાં કામ, દિવસે ઢોરા ચારવા; ઇ બધુ કીમ બને?'

'ભગત! ઇ તો જીમ થાતુ હશે ઇમ થિયા કરશે. હુંય તમારી ભેળી આવીશ.'

'ભલે, મારે કયાં વાંધો છે? ઇ પરમાનંદ માંણવો ઇ તો જીવનનો લા'વો છે.'

આકાશ લાલચોળ બન્યુ. અંધારાના ઓળા માંડયા પથરાવા અને જાલો અને રૂપા ઘરે આવ્યા. વાળુપાણી કરીને બન્ને જણા ઉપડયા મોલડી દીમના. બરોબર ટાણે પૂંગી ગયા. આપા રતાએ જાલાની સાથે બાઇને જોઇને પૂછયું,'ભગત! આ બુન કોણ?'

'બાપુ! ઇ તો મારી ઘરવાળી. ઇને પણ અહી ભજન સાંભળવાનું દલ થયું'

'ભલે બાપ! ભલે. ઇ તો જેની પૂરવની સારી કમાણી હોય ઇને જ સૂઝે ને?'

ભજનમંડળી જામી. એક પછી એક ભજનું માંડયા થવા. રૂપાને પણ ઔર મજા આવી. એનું હેયુ નાચી ઉઠયુ. પરમાનંદ થયો.

હવે તો ધણી ધણીયાણીનો દરરોજનો નિયમ થયો. ખેતરેથી આવી વાળુપાણી કરીને મોલડી ભણી હાંકી મૂકે. રૂપાબા પણ ભજનુની જૂક બોલાવે. એના કોયલ જેવા ટહૂકતા કંઠમાંથી ભજનના વહેણ વહે તંયે મંડળી થંભી જાતી, વાહ વાહ થતી.

રૂપાબાના કંઠમાં કોઇ અનોખો પરભાવ હતો. એ જયારે ભજન ગાતી ત્યારે એકતાર થઇ જાતી. આપા રતા આ જોડલીને પારખી ગયા. કોઇ યોગભ્રષ્ટ આત્માઓ અધુરા ઓરતા પૂરા કરવા ધરતી ઉપર આવ્યા હોય એવુ લાગતુ હતુ. ભગવાને પણ જાલા અને રૂપાની અજબ જોડલી રચી હતી.

હવે તો એ દંપતીનો નિત્ય નિયમ થઇ ગયો હતો. અજવાળિયુ હોય કે અંધારિયુ હોય, ટાઢ હોય કે ગરમી હોય કે વરસાદ હોય પણ મોલડી પૂગ્યા વગરનાં નો રે.

ભજનમંડળી જામે અને રૂપાબાને કહે, રૂપાબા! એક થાવા દીયો. રૂપાબાએ ગોરખનાથની અવળવાણી જાથમાં મંજીરા લઇને શરૂ કરી. ભજન પૂરૂ થતાં ભજન મંડળી અનોખી લહેરમાં આવી ગઇ. 'વાહ રૂપાબા, વાહ! ભારી ભજન ગાયું. બીજુ એક ઉપાડો.' ગોરખની અવળ વાણીનો અરથ સમજાવતું ભજન રૂપાબાએ શરૂ કર્યુ. 'વાહ રૂપાબા, વાહ! ભારે મજા આવી. મારો રામ પણ હરદામાં વસી ગયો છે ને?' એક સંતે કહ્યું.

ભજનની ધૂનમાં મોંસૂઝણું થવા આવ્યુ.

'આપા રતા! રામ રામ! બાપલા હવે જઇએ.' જાલાએ કહ્યું.

'ભગત, જરા આરામ કરો. પછી જાવ.' આપા રતાએ કહ્યું.

'બાપ! મેસરિયે પૂંગીને પાછુ જાવું ઢોરા ચરાવવા. ખોટીપો તો નો પરવડે.'

'રામ રામ! ભગત, રામ રામ.'

**વધુ આવતા અંકે**

## ધાર્મિક શુભ ચિન્હો (અષ્ટ મંગલ)નો મહિમા જાણીએ

**સંકલનઃ રજનીકાંત મોદી**

દરેક વ્યક્તિ એના જીવનમાં સદૈવ શુભને પ્રાર્થે છે. શુભનો મહિમા ખૂબ જ છે. એ શુભથી પોતાનું કાર્ય સારી રીતે પૂર્ણ થવાની દ્રઢ આસ્થા બંધાય છે. એ શુભથી મંગલનો ભાવ પ્રવર્તે છે. મંગલદાયક આઠ વસ્તુઓના સમૂહને ''અષ્ટ મંગલ'' કહેવામાં આવે છે. આ અષ્ટ મંગલ વિશે એક વિસ્તૃત ગ્રંથ આચાર્યશ્રીએ અથાગ શ્રુતુપુરૂષાર્થ કરીને તૈયાર કર્યો છે.

આ ગ્રંથમાં અષ્ટ મંગલ વિશે અનેક પ્રકારની સામગ્રી ખૂબ જ પ્રયાસ કરીને એકત્રિત કરવામાં આવી છે. આ અષ્ટ મંગલ શુભ ચિન્હો (૧) સ્વસ્તિક (૨) શ્રી વત્સ (૩) શ્રી નદ્યાવર્ત (૪) શરાવ સંપુટ (૫) ભદ્રાસન (૬) કળશ (૭) મત્સ્ય યુગલ (૮) દર્પણ. એમ આ અષ્ટ શુભ ચિન્હોને અષ્ટ મંગલ કહેવામાં આવે છે. જૈન સંપ્રદાયમાં આકૃતિની પાછળ આગવી ભાવ સૃષ્ટિ રહેલી છે. એ શબ્દનો માત્ર વ્યવહાર જગતમાં થતો સ્થૂળ અર્થ સ્વિકારીને ચાલવાને બદલે એના ગર્ભિતાર્થ એવા આદ્યાત્મિક અર્થને દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

સામાન્ય રીતે શુભ સૂચક અષ્ટ મંગલનું એક સાથે દર્શન કરવાથી માત્ર સૃષ્ટિમાં શુભ ભાવનું પ્રબળ સંચાલન થાય છે. આ બધી આકૃતિઓ આઠ આઠ ધર્મ સંદેશ આપી જાય છે. આ પ્રતીકો માત્ર ''સ્વ''નો જ વિચાર નથી પણ ''સર્વ''નો વિચાર કર્યો છે. આવા અષ્ટ મંગલની પટ્ટી કે સ્ટીકર જૈનોના ઘરના દ્વાર પર જોવા મળે છે. હજારો વર્ષથી સ્વસ્તિક (સાથિયો) એ શુભ, મંગલ અને કલ્યાણકારી એવું ઉત્તમ મંગલ ગણાય છે. સ્વસ્તિક એટલે જે કલ્યાણ કરે અને આશીર્વાદરૂપ હોય. વળી એની આકૃતિ પણ સરળ છે. જે સહુને આલેખવી પણ સહજ બને છે. જયારે સ્વસ્તિક જુઓ ત્યારે વિચારજો કે દેવ, મનુષ્ય, તિર્થય અને નારકી એ ચાર ગતિમાં ભમતા આ જીવને વિશુદ્ધિ પ્રાપ્ત થાય છે. દ્રવ્ય પૂજામાં સ્વસ્તિક પર ચોખાનો સાથિયો કરીને ઢગલી કરવામાં આવે છે. આ ઢગલીને સમ્યસ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ ચારિત્ર, એના પરની અર્ધ ચંદ્રાકાર આકૃતિ તે સિધ્ધશિલા અને તેના પરની નાની રેખામાં સિધ્ધ ભગવંતો હોય છે. આમ સ્વસ્તિકના ચાર પાંખિયા એ ચાર

ગતિની વાત કરે છે. એમાંથી કઇ રીતે ત્રણ રત્નો વડે મોક્ષ ગતિ પ્રાપ્ત કરી સિધ્ધશિલા પર પહોંચી શકાય અને ત્યાં અનંતકાલ માટે વિશુધ્ધ આભાસ્વરૂપે સ્થિર થઇ શકવાનો સંકેત આપે છે. આમ સ્વસ્તિક એ ચાર ગતિના જીવોને એના ઉર્ધ્વ જીવનપથનું દર્શન કરાવે છે.

બીજું શ્રી વત્સ એટલે પુરૂષ છાતીમાં મધ્ય ભાગમાં નાના ખાડા જેવા ભાગમાં જે વાળ ઉગે છે તે અંગને શ્રી વત્સ કહેવામાં આવે છે. જેમ સ્વસ્તિક ભગવાનનું લાંછન છે એજ રીતે શ્રી વત્સ પણ ભગવાનનું લાંછન છે. ભગવાનના હૃદયમાં રહેલા પરમ જ્ઞાનને વંદના કરવામાં આવે છે. એક અર્થમાં કહીએ તો સાધક પ્રભુને પ્રાર્થના કરે છે કે મારા આત્માની જ્ઞાનશક્તિ અને વીર્યશક્તિ આપના માર્ગે ચાલીને આપના જેવી બને એવી ભાવના સેવું છું.

ત્રીજુ નંદ્યાવર્તને સર્વતો ભદ્ર પણ કહેવામાં આવે છે. એ પણ ભગવાનનું લાંછન જેવા નંદ્યાવર્ત એ સ્વસ્તિકનું વધુ વિકસિત અને કલાત્મક સ્વરૂપ છે. બૌધ્ધ અને જૈન પરંપરામાં આ પ્રચલિત છે અને તે સુખકારી આપનારૂ છે. અને આવર્ત શબ્દનો અર્થ પુનઃ થવું તે છે. અને એ રીતે નદ્યાવર્ત એ સુખજ આવર્તનરૂપ ગણાય છે. વળી આને અક્ષયનિધિના પ્રતિક તરીકે પણ ઓળખાય છે.

જયારે ચોથું મંગલ વર્ધમાનક છે. એટલે કે જે વૃધ્ધિ પામે તે. આ વર્ધમાનક કોડિયા જેવું માટીનું વાસણ છે. જે સમયાંતરે ધાતુનું પણ થયું. આ વર્ધમાનકની આકૃતિ તંત્ર સાધનામાં પણ ઉપયોગી ગણાય છે.

પાંચમું મંગલ ભદ્રાસનમાં તીર્થંકર પરમાત્મા સમવસરણમાં સિંહાસન પર બેસીને આદેશ આપે છે. ભદ્રાસન એ ભદ્ર કરનારૂ મંગલ છે. કલ્યાણ કરનારૂ છે. અને એ કલ્યાણ ત્યારે જ સધાય જયારે આસનની સ્થિરતા હોય. આમ આસનની સ્થિરતા દ્વારા ધ્યાનની સ્થિરતા સાધીને અંતે શુકલધ્યાન વડે જીવ કેવળજ્ઞાન પામી મોક્ષ ગતિ મેળવી શકે છે.

છઠ્ઠુ મંગલ કળશ દ્વારા માનવદેહના કળશને આત્મજયોતિથી સભર કરવાની વાત છે. તે બીજી દ્રષ્ટિએ કળશ એ વિશુધ્ધિ અને પૂર્ણતાનું પ્રતીક છે. તીર્થંકર ભગવાનના જન્મ સમયે સ્નાત્ર મહોત્સવની ઉજવણી સમયે દેવો વિવિધ ધાતુના કળશ ભરીને ભગવાનને મેરૂશિખર પર સ્નાન કરાવે છે. મંદિર પર કળશ ચઢાવવામાં આવે તે કરેલા પુરૂષાર્થ કે કાર્યની પૂર્ણાહુતિનું પ્રતીક છે. હસ્તપ્રતોમાં પણ લોહિયાએ હસ્તપ્રત લખાઇ જતાં કળશની આકૃતિ દોરતા હતા. બીજા અર્થમાં કહીએ તો જેમ પાણીનો આધાર કળશ છે તેમ સર્વ પ્રાણીઓના આધાર પ્રભુ છે.

સાતમું મંગલ મીન યુગલ છે. આમા નર અને માદા તરીકે બે માછલીઓ બતાવવમાં આવી છે. તે સુખ પ્રતીક છે. મોટી માછલી નાની માછલીને મારી નાંખતી હોય છે. ત્યારે પોતાની શક્તિથી નિર્બળાને પીડવા જોઇએ નહી. સબળે નિર્બળની રક્ષા કરવી જોઇએ. તેમની સાથે ઉદારતા રાખવી જોઇએ. આમ વિચારીને જીવનમાં અહિંસા અપનાવવી જોઇએ.

છેલ્લે આઠમું મંગલ દર્પણ છે. માનવ જીવન સાથે દર્પણ જોડાયેલું છે. આત્મ દર્શનની ઓળખ મેળવવા માટે દર્પણ માણસને જાગૃત કરે છે. દર્પણમાં ભગવાનના દર્શન કરવાની પ્રથા પણ છે. આ દર્પણ સંકેત કરે છે કે ભલે તું અત્યારે તારા નશ્વર બાહ્યરૂપને જો પરંતુ સાથોસાથ તેમાં ભીતર વસેલા આત્મતત્વનું પણ દર્શન કર. આમ રૂપને જોઇને અરૂપીને પામવાનો આમાં પ્રયાસ છે.

અષ્ટ મંગલના આ આઠેય મંગલ એક અર્થમાં કહીએ તો સાધકને સંસારની ભંગુરતા, આત્મસ્વરૂપની ઓળખ અને મોક્ષમાર્ગ પ્રત્યેની ગતિનો આધ્યાત્મિક સાધના પથ છે.

જીવન ઉન્નતિના ત્રણ સૂત્ર.
‘‘છોડવા જેવો કુસંગ, કરવા જેવો સત્સંગ અને અંતે થવા જેવું નિઃસંગ.’’

# *Youth Corner*

## *CORE BELIEFS OF HINDUS*

*Hinduism is not an organized religion and has no single, systematic approach to teaching its value system. Also Hindus do not have a simple set of rules to follow like the Ten Commandments. Local, regional, caste,*

*and community-driven practices influence the interpretation and practice of beliefs throughout the Hindu world.*

*Yet a common thread among all these variations is* ***belief in a Supreme Being*** *and adherence to certain concepts such as Truth, dharma, and karma. And belief in the authority of the Vedas (sacred scriptures) serves, to a large extent, as the very definition of a Hindu, even though how the Vedas are interpreted may vary greatly.*

*Here are some of the key beliefs shared among Hindus:*

- ***Truth is eternal.***

  *Hindus pursue knowledge and understanding of the Truth: the very essence of the universe and the only Reality. According to the Vedas, Truth is One, but the wise express it in a variety of ways.*

- ***Brahman is Truth and Reality.***

  *Hindus believe in Brahman as the one true God who is formless, limitless, all-inclusive, and eternal. Brahman is not an abstract concept; it is a real entity that encompasses everything (seen and unseen) in the universe.*

- ***The Vedas are the ultimate authority.***

  *The Vedas are Hindu scriptures that contain revelations received by ancient saints and sages. Hindus believe that the Vedas are without beginning and without end; when everything else in the universe is destroyed (at the end of a cycle of time), the Vedas remain.*

- ***Everyone should strive to achieve dharma.***

  *Understanding the concept of dharma helps you understand the Hindu faith. Unfortunately, no single English word adequately covers its meaning. Dharma can be described as right conduct, righteousness, moral law, and duty. Anyone who makes dharma central to one's life strives to do the right thing, according to one's duty and abilities, at all times.*

- ***Individual souls are immortal.***

  *A Hindu believes that the individual soul (atman) is neither created nor destroyed; it has been, it is, and it will be. Actions of the soul while residing in a body require that it reap the consequences of those actions in the next life — the same soul in a different body.*

*The process of movement of the atman from one body to another is known as transmigration. The kind of body the soul inhabits next is determined by karma(actions accumulated in previous lives).*

***The goal of the individual soul is moksha.***

*Moksha is liberation: the soul's release from the cycle of death and rebirth. It occurs when the soul unites with Brahman by realizing its true nature. Several paths can lead to this realization and unity: the path of duty, the path of knowledge, and the path of devotion (unconditional surrender to God). Moksha also means salvation.*

## જલારામ કૃપા

૧. મેં ઇન્ડીયા જવાના દશ દિવસ પહેલા વીસા લેવા માટે પાસપોર્ટ ઇન્ડીયન એમ્બેસીમાં મોકલ્યો હતો. જવાના બે દિવસ બાકી હતા અને પાસપોર્ટ પાછો આવ્યો હતો નહીં. મેં તરત જ બાપાની માનતા રાખી અને બીજે જ દિવસે મને પાસપોર્ટ અને વીસા મળી ગયા. બાપાનો ખૂબ ખૂબ આભાર.

૨. My daughter had a virus and I prayed to Jalaram Bapa that if the virus went away, I would write this and pray and thank him for his blessings. Jalarambapa's blessings are always with us and continue to stay with us.

૩. બાપા, તમારા ચરણોમાં મારા કોટી કોટી પ્રણામ. બાપા તમારી માનતાથી મારા મેડીકલ રીપોર્ટસ બધા નોર્મલ આવ્યા છે અને મારી ચિંતા દૂર કરી એ બદલ તમારો ખૂબ ખૂબ આભાર માનું છું. તમારા આશીષ મારા પરિવાર ઉપર સદાય માટે બની રહે એવી કૃપા કરશો.

૪. પ. પૂ. જલારામબાપાને અમારા તરફથી લાખો લાખો વંદન અને કોટી કોટી પ્રણામ. પૂ. બાપા મારી સાથે હાજરા હજૂર છે. જયારે જયારે બાપાને યાદ કરુ છું ત્યારે મારી સાથે આવીને ઉભા રહે છે અને બધા જ કામ પાર પાડયા છે. હું બિમાર થઇ અને મને ૧૦ દિવસ માટે મને દવાખાનામાં દાખલ કરી. બીજુ મારો દિકરો પણ બિમાર થયો હતો તેને પણ સારુ થઇ ગયુ અને બીજુ તેને વ્યસન હતુ તે પણ છુટી ગયુ. બીજુ ઇન્ડીયામાં અમારા જૂના મકાનો વેચવાના હતા તે ઘણા જ સમય પડયા રહ્યા હતા. પરંતુ પૂ. બાપાને યાદ કરી મેં પરચો તથા યથાશક્તિ ભેટ મૂકવાની મેં બાધા રાખી હતી. આ બધુ જ મારુ પાર પડી ગયુ છે. આ પરચો છાપીને તથા યથાશક્તિ ભેટનો સ્વીકાર કરશો.

૫. રામ નામ મે લીન હે દેખત સબમેં રામ, તાકે પદ વંદન કરુ જય જય શ્રી જલારામ
નામ જપો જલીયાણનું કષ્ટ કરે સૌના નાશ, ભકતોની વ્હારે ચઢે રાખો દ્રઢ વિશ્વાસ
બાપાના ચરણોમાં મારા સૌ ફેમીલી વતી હું લાખો લાખો પ્રણામ કરું છું. મારે થોડા મેડીકલ પ્રોબ્લેમ હતા. આમાં તો બાપાએ મારી ખરી કસોટી કરી છે પણ મને નીચે પડવા દીધી નથી. બાપાએ ઉચકી લીધી છે. બાપાની અસીમ કૃપા અને આશીર્વાદથી બધુ સારુ થઇ ગયુ છે. આવી જ રીતે મારી ઘણી મુશ્કેલીઓમાં અને શારીરિક તકલીફોમાં બાપાએ બચાવી લીધી છે. જેમ અમારા પરિવાર ઉપર કૃપા કરી તેમ દરેક ભકતો ઉપર કૃપા કરવા વિનંતી છે. મેં પરચો છપાવવાની માનતા માની હતી તો આ પરચો છાપી મને ઋણમુકત કરશો.

૬. પૂ. બાપાની અસીમ કૃપાથી અમારી દીકરીના વીસાનું કામ જે અશકયમાંથી શકય બનાવનાર બાપા તમારા ચરણોમાં કોટી કોટી પ્રણામ. આ પરચો છપાવી અમારી માનતા પૂર્ણ કરીએ છીએ.

૭. પરમ કૃપાળુ જલારામબાપા અને પૂ. વીરબાઇ માતાને કોટી કોટી વંદન. મારા દીકરાનું મકાન વેચવા મુક્યુ હતુ તો બાપાની કૃપાથી ત્રણ મહીનામાં વેચાઇ ગયુ હતુ. બીજુ બાપા અને મા વીરબાઇના ચરણોમાં હું સોનાની કંઠી ચઢાવુ છું તો તમો બાપાના ડોકમાં જરૂરથી પહેરાવજો જેથી તે જોઇને મને ઘણો જ આનંદ થશે. આ કંઠી પહેરાવી મને મારી બાધામાંથી મૂક્ત કરશો.

૮. બાપા ઉપર મારી શ્રધ્ધા અતુટ છે. બાપાએ સંકટ સમયમાં હંમેશા મારી મદદ કરી છે. મારી દિકરીના મિત્રને ટયુમર હતુ. મેં મનોમન બાપાને પ્રાર્થના કરી કે તેને સારૂ થઇ જાય અને તેના રિપોર્ટ નોર્મલ આવે તો હું જલારામ દર્પણમાં પરચો છપાવીશ. બાપાની કૃપાથી બધા રિપોર્ટ નોર્મલ આવ્યા. પૂ. બાપાને હું લાખ-લાખ વંદન કરું છું. બાપાએ આવી રીતે ડગલે-પગલે અનેક પરચા પૂરા કર્યા છે. જેવી કૃપા અમારા ઉપર કરી તેવી કૃપા દરેક ઉપર કરશો.

૯. જય જલારામ દાદા, સાંઇદાદા, મારી માતાજીને હાર્ટનું ઓપરેશન કર્યુ ને તેમને પેરાલેસીસની અસર થઇ હતી. પરિસ્થીતી એવી હતી કે તેમના ઉઠવા, બેસવા કે ચાલવાની કોઇ આશા ન હતી. પણ દાદાની અસીમ કૃપાથી બધુ જ નોર્મલ થઇ ગયુ અને તે પણ ઓછા સમયમાંજ. હું આ પરચો છપાવી ને બંધનમાંથી મૂક્ત થાઉ છું. આગળ પણ સદાય અમારી લાજ રાખજો.

૧૦. પૂ. બાપાએ અમારા જીવનમાં અનેક કાર્ય સફળતાપૂર્વક પાર પાડયા છે. પૂ. જલારામબાપા તથા પૂ. વીરબાઇમાતાના પરચાની ટેક થકી એમનાથી (હસબંડથી) વોકરની મદદથી ધીમે ધીમે ચલાય છે તથા અમારા ગ્રાન્ડસનના જે પ્રોબ્લેમ થયા છે તે પણ ધીમે ધીમે પતે છે. પૂ. બાપા તો અંતરયામી છે. મારા હૈયાની બધી વાત જાણે છે. પૂ. બાપા અને પૂ. વીરબાઇમાતાને સાષ્ટાંગ પ્રણામ.

૧૧. પૂ. જલારામબાપાની કૃપા અમારા ઉપર ખૂબ જ છે. અમારા બીઝનેસમાં, સ્વાસ્થમાં ક્યાંય પણ વિઘ્ન આવે ત્યારે બાપાનું સાચા મનથી સ્મરણ કરવાથી અમને સહાય કરે છે અને બધા જ વિઘ્નો દૂર થઇ જાય છે. મારા બીઝનેસમા આવેલ વિઘ્ન તેમણે દૂર કર્યુ હતુ. આ પરચો છાપી મને ઋણમુક્ત કરશો.

૧૨. પૂ. બાપા અમારા માટે હાજરાહજૂર છે. પૂ. બાપા ઉપર અમને અત્યંત શ્રધ્ધા અને વિશ્વાસ છે. પૂ. બાપા હંમેશા અમારી મદદે આવે છે. અમે ઇન્ડીયા જવાનો પ્લાન કર્યો હતો. અમે દુબઇ એક વીક રોકાઇને જવાના હતા. ત્યાં અચાનક દુબઇમાં મારા પતિને સુગર લો થઇ ગઇ હતી. અમારી સાથે કોઇ ન હતુ. હું ખૂબ જ ગભરાઇ ગઇ હતી. પૂ. બાપાનું નામ લઇ જોરથી બૂમો પાડતી હતી. ત્યાં અચાનક કોઇ વૃધ્ધ પુરુષે ત્યાં આવી સારવાર કરી જતો રહ્યો. પછી મને કોઇ યાદ ન હતુ. મારા પતિ બેભાન થઇ ગયા હતા. તેમને સારુ કરી દીધુ. ભાનમાં આવ્યા પછી મને યાદ આવ્યુ હતુ કે જે વુધ્ધ પુરુષ આવીને ગયા તે નક્કી જલારામબાપા જ હતા. મેં તે જ વખતે પરચો છપાવીશ તેવી માનતા માની હતી. તો આ પરચો છાપી મારી માનતા પૂરી કરૂ છું મને ઋણમુક્ત કરશો.

૧૩. પૂ. જલારામબાપાને અમારા કોટિ કોટિ વંદન. પૂ. બાપા ઉપર અમારી ખૂબ જ શ્રધ્ધા છે. મારી તબિયત ઘણા વખતથી નરમ-ગરમ રહેતી હતી. પૂ. બાપાની કૃપાથી મારા બધા ટેસ્ટના રીઝલ્ટ નોર્મલ આવ્યા અને તબિયતમાં પણ ઘણો સુધારો થયો. બધી તકલીફો ઓછી થઇ ગઇ. બાપા અમારા બધા જ કાર્યો સફળ કરી આપે છે. જલારામબાપાને એજ પ્રાર્થના કે તમારી કૃપા અમારા પરિવાર ઉપર કાયમ રાખજો. આ પરચો છાપી મને ઋણમુક્ત કરશો અને યથાશકિત ભેટનો સ્વીકાર કરશો.

૧૪. પૂ. જલારામબાપા અને પૂ. સાંઇબાબાના ચરણોમાં કોટિ કોટિ પ્રણામ. જલારામબાપા અને પૂ. સાંઇબાબાની કૃપાથી અમારા બધા કામ નિર્વીઘ્ને પાર પડયા. મારી પુત્રવધુની ખાંસી પણ મટી ગઇ. આ પરચો છાપી મને ઋણમુક્ત કરશો.

૧૫. પરમ પૂજય બાપાની અસીમ કૃપાથી મારા ઘણા વિઘ્નો દૂર થયા છે. મને બહુ તકલીફો પડી છે પણ બાપાની અસીમ કૃપાથી હું બધી વખતે પાર પડી ગયો છુ. આ પરચો છાપી મને બાપા અને વીરબાઇમાના ઋણોમાંથી મુકત કરવા વિનંતી.

૧૬. જય જલારામબાપા, તમારી ધજા હંમેશા ફરકતી રહે અને તમારા આશીર્વાદ અમારા ઉપર વરસતા રહે એ માટે તમારા ચરણોમાં કોટિ કોટિ પ્રાર્થના. પૂ. જલારામબાપાની અસીમ કૃપાથી મારા ઉપર આવી પડેલ ૨૦૧૭માં ટેકસ ઓડીટની મુશ્કેલીમાંથી ઉગારી અમારી ચિંતા દુર કરી.

સાચા દિલથી કરેલી પ્રાર્થના પૂ. બાપા અવશ્ય સ્વીકારે છે. અમને હંમેશા સત્‌માર્ગ પર ચાલવાની શકિત પ્રાપ્ત થાય એવી કૃપા કરશો. આ પરચો જલારામ દર્પણમાં છાપી ઋણમાંથી મુકત કરશો તથા યથાશકિત ભેટ પ્રેમથી સ્વીકારશો.

૧૭. જલારામબાપા, તમારી અસીમ કૃપાથી મારા દિકરામાં ઘણો સુધારો આવી ગયો છે. મારા દિકરાના સ્વભાવને કારણે એ કોઇની સાથે ભાઇબંધી કરી નહોતો શકતો. એને કોઇ ભાઇબંધ જ નહોતા. એ એકલો એકલો અને સુમસાન રહ્યા કરતો હતો. સ્વભાવે ચીડીયો અને ગુસ્સા વાળો હોવાથી એની સાથે કોઇની દોસ્તી નહોતી. બાપા તમારી અસીમ કૃપાથી હવે તેને ૨ - ૩ ભાઇબંધો થઇ ગયા છે અને તેના સ્વભાવમાં ઘણો સુધારો છે. હું તમારી જીવનભરની ઋણી છું. ઈચ્છુ છુ કે એ ભાઇબંધી ટકાવી રાખે.

૧૮. મને જોબમાંથી લે-ઓફ મળ્યો. મેં માનતા કરી કે મને જોબ જલ્દી મળી જશે તો હું પરચો છપાવીશ. પૂ. બાપાની કૃપાથી મને નવી જોબ મળી ગઇ છે.

૧૯. જલારામબાપાની કૃપાથી મારી બધી જ ઇચ્છાઓ પુરી થઇ છે.

૨૦. Om Shree Jalaram, I had taken a badha (manta) for my son to get rid of a virus. He had been fighting different treatments for months with no success. It wasn't until I took badha to write this that his virus cleared within 1 month. Thank you Jalarambapa and continue to bless our family.

***નોંધ: ઉપર પ્રકાશિત કરેલા પરચાઓ જલારામ ભકતો તરફથી આવેલ છે જેમણે પોતાના નામ જાહેર ન કરવાની વિનંતી કરેલ છે.***

મારુ સીટીઝનશીપનું સર્ટીફીકેટ ખોવાઇ ગયુ હતુ. મેં પૂ. બાપાને વિનંતી કરી કે મને સર્ટીફીકેટ મળી જશે તો આ પરચો હું જલારામ દર્પણમાં છપાવીશ. પૂ. બાપાનો ઘણો આભાર. મારી વાઇફનું સર્ટીફીકેટ પણ ખોવાઇ ગયુ છે. મેં પૂ. બાપાની માનતા માની છે. આશા રાખુ છું કે પૂ. બાપા મદદ કરશે.

ઘણા સમયથી મારા પત્નિનુ Citizen Certificate ગુમ થઇ ગયુ હતુ, ખૂબ શોધવા છતાં મળતુ ન હતુ. મેં પૂ. બાપાનો પરચો માન્યો અને થોડા જ સમયમાં મળી ગયુ. પૂ. બાપાનો ખૂબ જ આભાર.

મારી પત્નીનો અમેરીકન પાસપોર્ટ ખોવાઇ ગયો હતો. રીન્યુ કરવા માટેની એપ્લીકેશન સાથે મોકલવાનો હતો. પૂ. બાપાની માનતા માની કે પાસપોર્ટ મળી જશે તો હું જલારામ દર્પણમાં પરચો છપાવીશ અને તુરત જ મારી પત્નીનો ફોન આવ્યો કે પાસપોર્ટ મળી ગયો છે. પૂ. બાપા મને ઘણી જ મદદ કરે છે. જયારે મને મુસીબત હોય છે ત્યારે પૂ. બાપાને યાદ કરૂ છુ.

હરીશભાઇ જેઠવાના જય જલારામ

પૂ. જલારામબાપાના ચરણોમાં અમારા કોટી કોટી પ્રણામ. જલારામબાપાની કૃપાથી અમારા બધા કામ પાર પડયા છે. મારી બહેન ચેતના અને મારી સહેલી મેરી શિંગના કામ પાર પાડયા તે નિમીત્તે પરચો છપાવવાની માનતા માની હતી તો આ પરચો છાપી મને ઋણમુકત કરશો.

રેણુકાબેન અમીનના જય જલારામ

પૂ. જલારામબાપાની કૃપાથી મેં મારી તબીયત માટે ઘણી બધી માનતાઓ માની હતી જે બધી જ પૂરી થઇ છે ને થાય છે જે મારા પરિવાર માટે ઘણી જ કૃપા સમાન છે. આવી જ રીતે તેમની કૃપા અમારી ઉપર હંમેશા રહે તેવી પ્રાર્થના. આ પરચો તેમના આશીર્વાદરૂપે છાપવા વિનંતી.

કેવલભાઇ પટેલના જય જલારામ

અમારા પુત્ર દેવાંગને બ્લેડર ઇન્ફેકશન થયેલ જેની સારવાર અમેરિકામાં ૬ માસથી ચાલતી હતી. જેમાં ડોકટરે પ્રોસ્ટેટનું નાનું ઓપરેશન કરેલ કે જેથી પેશાબ પડી રહે નહી તેમ છતા તેની તબીયતમાં સુધારો ન જણાતા અમો તેને ઇન્ડીયા લઇ ગયા અને તે વખતે જલારામબાપાને વિનંતી કરેલ કે તેને સારૂ થશે તો તમારે ત્યાં દર્શન કરાવીશુ. ઇન્ડીયામાં ઇન્ફેકશન સ્પેશ્યાલીસ્ટને બતાવેલ ત્યારબાદ ધીમે ધીમે બાપાની કૃપાથી સારૂ થતા આજે સંપૂર્ણ સારૂ થયેલ છે.

રજનીભાઇ / મંજુલાબેન પટેલના જય જલારામ

અમારા પરિવારમાં બાપાએ ઘણી વખત મદદ કરી છે જે નીચે પ્રમાણે પરચા થયેલ છે.

- મારા દીકરાને જોબ ઉપર પ્રમોશન મળવાનુ હતુ. તેનો મેનેજર તૈયાર હતો પરંતુ હ્યુમન રીસોર્સ વાળા તરફથી થોડી તકલીફો રહ્યા કરતી હતી અને તેનું પ્રમોશનનું કામ આગળ વધતુ નહોતુ. મને વાત કરી અને મેં મારા ઘરના દેવસ્થાનમાં બેસી બાપાને પ્રાર્થના કરી કે હે બાપા આ કામ તમો જ કરી શકો એમ છો. તમારા સિવાય કોઇ નથી. બસ બાપાએ મારી વિનંતી સાંભળી અને ૧૫ દિવસમાં હ્યુમન રીસોર્સ વાળાની પણ હા થઇ ગઇ અને એનું પ્રમોશન થઇ ગયુ.

- મારો ૭ વર્ષનો પૌત્ર જેને નાકમાંથી બહુ જ લોહી પડતુ. રાત્રે સુતો હોય અથવા રમતો હોય અને એકદમ લોહી પડવા લાગે. પૂ. બાપાને યાદ કરી માનતા માની કે બાપા એના નાકમાંથી લોહી પડતુ બંધ થઇ જાય તો તમારો પરચો છપાવવો અને યથાશક્તિ ભેટ મોકલવી. પૂ. બાપાની કૃપાથી તેને સારૂ થઇ ગયુ અને આજ સુધી લોહી પડયુ નથી.

- મારી દીકરીની મને ઘણી જ ચિંતા હતી. દિવસે દિવસે ઉંમર વધે અને કોઇ સારો છોકરો ધ્યાનમાં આવે નહી. એક દિવસ પૂ. બાપાની સમક્ષ જઇને રડીને પ્રાર્થના કરી અને કહ્યું કે આજથી મારી દીકરી એ તમારી દીકરી માનશો અને તમારે એના માટે સારો છોકરો શોધવો અને એના લગ્ન કરવાના છે. જો સારો છોકરો મળી જાય તો તમારા મંદિર (તમારા ઘરમાં) માં જ લગ્ન કરીશુ. બાપાની લીલા જોવા જેવી છે. ત્રણ મહિનામાં સરસ છોકરો મળી ગયો અને અમારા વેવાઇ પણ બાપાને નાનપણથી માને અને એમની પણ ઇચ્છા હતી કે બાપાના મંદિરમાં જ લગ્ન થાય. પૂ. બાપાની કૃપાથી લગ્ન સારી રીતે પતી ગયા અને આજે બન્ને ખુશ છે. બાપા હંમેશા એમની જોડી સલામત રાખે તેઓ ખુશ રહે તેવા આશીર્વાદ આપશો. પૂ. બાપાની કૃપા હંમેશા અમારા પરિવાર ઉપર છે અને રહેશે તેવી પ્રાર્થના. મારે આ પરચા છપાવવાની માનતા હતી તો આ સાથે યથાશક્તિ ભેટ મોકલાવી છે તે સ્વીકારી અને આ પરચા છાપી અમને ઋણમુકત કરશો.

રમીલાબેન ગાંધીના જય જલારામ

મારા દીકરાની પત્નીને ઓચિંતાનો માથાનો દુઃખાવો અને આંખે દેખાવાનું બંધ થઇ ગયુ હતુ. ડૉક્ટરને પણ કાંઇ સમજ ના પડે. બાયોપ્સી પણ થાય તેમ નહોતુ. શું કરવુ તે કાંઇ સમજણ નહોતી પડતી. પૂ, જલારામબાપાની માનતા માની કે આંખે સારૂ થઇ જાય અને માથાનો દુઃખાવો બંધ થઇ જાય તો ૧૧ ગુરૂવાર નક્કોરડા ઉપવાસ કરીશ અને ચાલીને બાપાના દર્શન કરીશ. ત્રણ-ચાર મહિનામાં બાપાએ કૃપા કરી અને બધુ નોર્મલ થઇ ગયુ અને હવે સારૂ છે. અમેરીકામાં મોટી ઉંમરે આવ્યા હતા પરંતુ સારી રીતે સેટ થઇ ગયા છીએ. પૂ. બાપા, અમારા કુટુંબ ઉપર હંમેશા કૃપા કરજો. આ પરચો છાપી અમને ઋણમુકત કરશો.

અનિલાબેન ભટ્ટના જય જલારામ

મારા મમ્મીએ માનેલુ તે પ્રમાણે મને જોબ સારી મળી. મારા હસબંડનો ધંધો શરૂ થયો. અમારું એક બીજુ ઘર હતુ તે પણ વેચાઇ ગયુ અને મારી દીકરીને સારી કોલેજમાં એડમીશન મળ્યુ. તમારી દયાથી બધાં કાર્યો બાર મહીનામાં પૂરાં થયા. આ બધા કાર્યો મારી મમ્મીની તમારા પરની શ્રધ્ધાથી થયા છે. તમારી કૃપાથી થયા છે. સદા અમારા કુટુંબ પર તમારી દયાદ્રષ્ટિ રાખી શાંતિ અને ભક્તિ આપજો.

દીપલબેનના જય જલારામ

પૂ. બાપા, તમારી કૃપાથી અમારા માનેલા કામો ત્રણ મહીનામાં પૂરા થઇ ગયા. મારા દીકરાને ઘણા વખતથી જોબ ન હતી તે આ મહીનો બેસતાં જ મળી ગઇ. આ જોબમાં સારી રીતે સેટ થઇ ખુબ આગળ વધે અને તેનું સદાય રક્ષણ કરજો. તેને અને તેના કુટુંબને ભક્તિ અને શાંતિ આપજો. બસ સદાય અમારા કુટુંબ પર તમારી અમીદ્રષ્ટિ રહે અને મારી આસ્થા આવી રીતે મજબુત રહે. તમારો ખૂબ ખૂબ આભાર.

ઉમાબેનના જય જલારામ

બાપાના પરચા અપરંપાર છે. વાત એક વર્ષ પહેલાની છે પણ આળસને લઇને પરચા લખી શક્યો નથી માટે બાપાની માફી ચાહું છું. એક વર્ષ પહેલાં મારી વાઇફને હાર્ટની સમસ્યા થઇ હતી જેથી તેને પેસમેકર મુકાવવાની જરૂર પડેલ તેમજ એક નસમાં ૮૦% થી વધારે blockage હોવાથી stent મુકવામાં આવેલ તેમ છતાં breathing માં તકલીફ પડતી હતી અને તેને લઇને બે થી ત્રણ વખત hospital માં દાખલ

કરવી પડેલ. તેમ છતાં સુધારો થતો ન હતો. અને December 2016 માં તેના ભત્રીજા નું લગ્ન હોવાથી India જવુ પણ જરૂરી હતુ. ડૉક્ટરના કહેવા પ્રમાણે હવાઇ મુસાફરી કરી કોઇ પ્રકારનુ જોખમ લેવાની ના પાડી. આવા કપરા સંજોગોમાં બાપા ને યાદ કરી તેમની બાધા રાખી કે જો બાપા દયા કરે અને ડૉક્ટર રજા આપે તો પરચો છપાવવો અને વીરપુર બાપાની ગાદીનાં દર્શન કરવા જવું.

બાપાના પરચા તો અપરંપાર છે. તેમની ઉપરની શ્રધ્ધા નો ચમત્કાર કહો કે ફરીથી ડૉક્ટરને Decemberના પહેલા વીકમાં બતાવવા ગયા ત્યારે ડૉક્ટરે India જવાની રજા આપી. અને તે રીતે અમો India ગયા અને ધુમધામથી લગ્ન પ્રસંગ માણ્યો. બાપાની કૃપાથી કોઇ પ્રકારની તકલીફ પડેલ નહી. તેથી Januaryમાં બાપાની ગાદીનાં દર્શન કરી, માનતા પૂર્ણ કરી કોઇ પણ પ્રકારની તકલીફ વગર સુખરૂપ પાછા આવી ગયા હતા. આ સીવાય બીજુ કે મારી મોટી દીકરીને આંખની તકલીફ હોઇ તેની સર્જરી પણ બાપાની દયાથી સારી રીતે થએલ છે.

રમેશચંદ્ર પટેલના જય જલારામ

પૂ. જલારામબાપાની અસીમ કૃપાથી તેમજ પૂ. બાપા પરની અતૂટ શ્રધ્ધા અને વિશ્વાસથી અમારા પુત્રો, પુત્રવધુઓ તેમજ પૌત્ર-પૌત્રીઓ સારી રીતે સેટ થઇ ગયેલ છે. બોરસદમાં આવેલુ અમારુ મકાન વ્યવસ્થિત રીતે વેચાઇ ગયુ છે. મારા પતિ ગંભીર બિમારીમાં ફસાઇ ગયા હતા પરંતુ ચાર મહિનાની ટ્રીટમેન્ટ પછી ઘણું સારુ થઇ ગયેલ છે. હજુ તેમને થોડી મુશ્કેલી છે પરંતુ પૂ. જલારામબાપાની અસીમ કૃપાથી તે પણ સારુ થઇ જશે તેવી બાપા ઉપર અતૂટ શ્રધ્ધા છે. આ માટે પૂ. બાપાને મારી હ્રદયપૂર્વકની પ્રાર્થના છે. પૂ. જલારામબાપાના આશીર્વાદ અમારા પર સદૈવ રહે તેવી અંતઃકરણ પૂર્વક પ્રાર્થના કરુ છું.

કોકીલાબેન પટેલના જય જલારામ

પૂ. જલારામબાપાના ચરણોમાં સાદર પ્રણામ. મને થોડા સમય પહેલા જમણી આંખમાં તકલીફ થવાથી પડદો ખસી ગયો હતો. પૂ. બાપાને પ્રાર્થના કરી અને માનતા માની. મારુ આંખનું ઓપરેશન સારી રીતે થઇ ગયુ અને હવે તકલીફ રહી નથી. પૂ. બાપાએ જેમ મારી મુશ્કેલી દૂર કરી તેમ સૌના દુઃખ દૂર કરે અને સૌ સુખી રહે એવી પ્રાર્થના કરુ છું.

જે. મોદીના જય જલારામ

મારા દિકરાને ઉલ્ટીઓ થતી હતી અને ખાવાનુ ટકતુ નહોતુ. પૂ. બાપાની માનતા માની અને તેમની કૃપાથી હવે સારુ થઇ ગયુ છે.

- જે. એન. ઠક્કર (ન્યુ જર્સી)

શિકાગો મંદિરમાં સ્થાપિત પૂ. શ્રી જલારામબાપા હાજરાહજૂર છે. એમની કૃપા અમારા કુટુંબ ઉપર ઘણી જ છે. મેં થોડા સમય પહેલા મારી દિકરી ચી. શ્વેતાબેન પર્વકુમાર ઠક્કરને સારા દિવસો રહે અને પ્રેગનન્સી પણ સારી રીતે પરિપૂર્ણ થાય તે માટે હ્રદયપૂર્વક માનતા માની હતી. સમયાંતરે પૂ. જલારામબાપાની અસીમ કૃપાથી મારી માનેલી માનતા સર્વ પ્રકારે પરિપૂર્ણ થઇ છે. આ પરચો છાપી મને ઋણમુકત કરશો. સાથે યથાશક્તિ ભેટ મોકલેલ છે તે પણ બાપાના ચરણોમાં ધરશો.

ભાવનાબેન નરેશભાઇ ઠક્કરના જય જલારામ

## જલારામ દર્પણ ભેટ યોજના

*આપની ભેટ બદલ શ્રી જલારામ મંદિર આપનો હાર્દિક આભાર વ્યક્ત કરે છે અને બાપાના ચરણોમાં પ્રાર્થના કરે છે કે સર્વેને તન, મન અને ધનથી સુખી કરે અને આવી સેવા કરવાની પ્રેરણા હંમેશા આપતા રહે.*

| | |
|---|---|
| ➢ કમળાબેન પટેલ | ડો. ૧૦૫.૦૦ |
| ➢ રેણુકાબેન અમીન | ડો. ૧૦૧.૦૦ |
| ➢ ધનસુખભાઇ પટેલ | ડો. ૧૦૧.૦૦ |
| ➢ જલ્પાબેન પટેલ | ડો. ૧૦૧.૦૦ |
| ➢ કોકીલાબેન પટેલ | ડો. ૧૦૧.૦૦ |
| ➢ પ્રકાશભાઇ પારડીવાલા | ડો. ૫૧.૦૦ |
| ➢ મનહરલાલ / મીનાક્ષીબેન ગજ્જર | ડો. ૫૧.૦૦ |
| ➢ હસુમતિબેન વિઠલાણી | ડો. ૫૧.૦૦ |
| ➢ ભાવનાબેન નરેશભાઇ ઠક્કર | ડો. ૫૧.૦૦ |
| ➢ રાહુલભાઇ / તેજલબેન મોદી | ડો. ૨૫.૦૦ |
| ➢ સવીતાબેન ઘીવાલા | ડો. ૨૫.૦૦ |
| ➢ રામ ભરોસે | ડો. ૪૭૩.૦૦ |

# Going Green

*Let's all try to save the planet for our future generations. Going forward starting with January 2017 issue, we have not been mailing a physical copy of Jalaram Darpan to everyone in the mail.*

*We have been publishing the Darpan on our website at www.shreejalarammandir.org as have been sending it via email to those members who provided it to us.*

*If you want to share your relatives and friends email address, please send it to shreejalarammandirchicago@gmail.com.*

આપણા પર્યાવરણને અને પૃથ્વીને આપણી ભાવિ પેઢી માટે લાંબા સમય સુધી હરિયાળી રાખવા માટે આપણે સૌ પ્રયાસ કરવો જોઇએ. જાન્યુઆરી ૨૦૧૭ના અંકથી જલારામ દર્પણ રેગ્યુલર મેઇલમાં મોકલવામાં નથી આવતું તેની નોંધ લેવી.

દર્પણ ફકત મંદિરની  વેબસાઇટ ઉપર પ્રકાશિત કરવામાં આવે છે અને ઇમેઇલ દ્વારા મોકલવામાં આવે છે. જો આપના સગાવ્હાલા તથા મિત્રો ઇમેઇલ દ્વારા દર્પણ મેળવવા ઇચ્છતા હો તો આપ તેઓનું ઇમેઇલ એડ્રેસ નીચેની ઇમેઇલ ઉપર મોકલી આપો.

*shreejalarammandirchicago@gmail.com*

## વિશેષ નોંધ

સૌ ભકતોને નમ્ર વિનંતી કે જો આપનું સરનામું બદલાયું હોય તો આપ મંદિરની ઓફિસમાં જાણ કરશો અથવા ઇ-મેઇલ દ્વારા જણાવશો જેથી જૂનું સરનામું રદ કરીને નવુ સરનામું નોંધી શકાય અને આગામી ઉત્સવો તેમજ અન્ય સમાચાર પત્રો નવા સરનામે મોકલી શકાય. આ ઉપરાંત મંદિર તરફથી ઇ-મેઇલ દ્વારા પણ આગામી ઉત્સવો તેમજ જલારામ દર્પણ મોકલાવીએ છીએ. જો આપને ઇ-મેઇલ દ્વારા સમાચાર મેળવવાની ઇચ્છા હોય તો આપ ઓફિસમાં ૮૪૭-૪૯૦-૫૨૫૨ પર સંપર્ક કરી શકો છો.

## જનરલ

દરેક ઉત્સવના ફોટા મંદિરની વેબસાઇટ ઉપર મૂકવામાં આવે છે જેની સૌ ભકતોએ નોંધ લેવા વિનંતી છે. મંદિરમાં ચાલતી પ્રવૃત્તિઓ અથવા મંદિરને લગતા કોઇ સુધારા માટે આપને કોઇ સૂચન હોય તો મંદિરમાં એક સૂચન પેટી (સજેશન બોકસ) મૂકવામાં આવેલ છે જેમાં આપના સૂચનો મૂકી શકો છો. મંદિરની સમિતિ યોગ્ય સૂચનોનો વિચાર વિમર્શ કરી અમલ કરશે.

## ડોનેશન કેન

આપણું શ્રી જલારામ મંદિર સને ૨૦૦૮માં ખુલ્લુ મુકાયુ ત્યારે મંદિર માટે ભંડોળ એકત્ર કરવા ભકતજનોની વિનંતીથી ''ટીપે ટીપે સરોવર ભરાય અને આપણું શ્રી જલારામ મંદિર સતત ઝળહળે'' તેવા સંકલ્પથી દિવસનો એક ડૉલર ડોનેશન કેનમાં મુકી કેન ભરાયેથી મંદિરમાં પરત આપવાનુ નક્કી થયેલ હતું. આપની પાસે જો કેન હોય તો તેને અવારનવાર મંદિરે આવતા જતા ઓફિસમાં આપી અને પાછું લઇ જવા નમ્ર વિનંતી છે.

## વીરબાઈમા હોલ

આપના ઘરમાં આવતા કોઇપણ પ્રસંગ માટે આપ મંદિરનો સભા હોલ રાખી શકો છો. આ ઉપરાંત આપ મંદિરનું ભોંયરૂ, રસોડુ તથા મંદીરમાં બનાવેલ રસોઈ પણ લગ્ન પ્રસંગ, વર્ષગાંઠ અથવા સીમંત જેવા પ્રસંગો માટે રાખી શકો છો. આ માટે આપને ભુપેન્દ્રનો ૨૨૪-૭૧૫-૨૦૧૦ પર સંપર્ક કરવા વિનંતિ છે.